

ભારતી-પ્રકાશન : ૭૪

ભર દરિયે

લેખક
ચારુદત્ત

ભારતી સાહિત્ય સંઘ
શ્રીમાળી સોસાયટી - પો. બો. નં. ૭૩
અમદાવાદ

અરુણ પુસ્તકમાળા
પુસ્તક આઠમું

●

સંપાદકો
સોમાભાઈ ભાવસાર
દિનેશ ઠાકોર

૦-૮-૦

પ્રકાશક
લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
ભારતી સાહિત્ય સંઘ
પો. બો. નં. ૭૩ · અમદાવાદ

મુદ્રક
મણિલાલ છગનલાલ શાહ
ધી નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા રોડ · અમદાવાદ

શ્રી શારદામંદિર કરાચીને—



પેસિફિક મહાસાગર
ઉત્તર અમેરિકા
દક્ષિણ અમેરિકા
આટલાંટિક મહાસાગર
આફ્રિકા ખંડ
યુરોપ ખંડ
એશિયા - સાઇબારિયા
એશિયા ખંડ
હિંદી મહાસાગર
ઓસ્ટ્રેલિયા ખંડ

પૃથ્વીનો નકશો

તભાની વહુ

સુરત શહેરના રામજી શેઠની ઘણી વાતો છે. તેમાં એક વાત એવી છે કે એક વાર રામજી શેઠનાં વહાણો સાથે કેટલાક ખલાસીઓ મુસાફરીએ ગયા હતા. એ ખલાસીઓએ ઘણા ઘણા દેશોની મુસાફરી કરી. શેઠનો ખૂબ વેપાર કરી દઈ યુરોપથી આફ્રિકા ખંડની પશ્ચિમે આવેલા આટલાંટિક મહાસાગરમાં થઈને તેઓ દેશ પાછા ફરતા હતા. રસ્તામાં તેઓ ચારે તરફથી ઊંચી ટેકરીઓ અને વચ્ચે પાણી એવી એક જગ્યાએ આરામ લેવા થોભ્યા. ઘણા વખત પછી સુરત શહેરમાં ખબર આવ્યા કે એ ખલાસીઓ આફતમાં છે. શેઠે તુરતાતુરત થોડા હોશિયાર ખારવાઓ સાથે લીધા, અને જાતે આફતમાં સપડાયેલા ખારવાઓને બચાવવા ઊપડયા. ઘણી તકલીફ પછી તેઓ પેલી ટેકરીઓ પાસે પહોંચ્યા. પણ અજાયબીની વાત તો એ નીવડી કે બધાં વહાણો માલ સાથે સહીસલામત હાથ

લાગ્યાં પણ એક પણ ખલાસી જડયો નહિ, કે તેમની કાંઈ પણ નિશાની હાથ લાગી નહિ કે જેની ઉપરથી તપાસ થઈ શકે. વહાણો લઈને શેઠ સુરત પાછા ફર્યા.*

એ રામજી શેઠની અધૂરી વાત હવે અહીંથી શરૂ થાય છે.

જે દિવસે શેઠનાં વહાણો પાછાં સહીસલામત આવ્યાં તે જ દિવસે શેઠના બે ખાસ ખારવા દલિયો અને ધૂળિયો અચાનક રાતોરાત કોઈને કહ્યા વિના ક્યાંક ઊપડી ગયા.

મહાસાગર વચ્ચેના બેટમાંથી ગૂમ થયેલા એ વહાણોનો ટંડેલ અથવા કપ્તાન તમો નામે એક ખારવો હતો. તમો બહુ બહાદુર હતો અને એને દેશદેશની માહિતી હતી. દરિયામાં ક્યાં, ક્યારે, કેવી અને કઈ રીતની અડચણ આવે તેમ છે તે બધી બાબતો એ અગાઉથી જ સારી રીતે જાણી શકતો. એને એક દીકરો હતો. એનું નામ જખુ. એની ઇચ્છા હતી કે જખુને પોતાનાથી સવાયો કરવો. વહાણવટી ગમે તેવો હોશિયાર અને બહાદુર હોય તો પણ કુદરત તો એના કરતાં મોટી હોયજ, એટલે દરેક વહાણવટી જ્યારે દરિયાની મુસાફરીએ ઊપડે જીવવાની આશા ન રાખે. ઘરથી સદાયને માટે વિદાય લેતો હોય તે રીતે બધી સલાહ સૂચના આપી દે. એ રીતે તમો પણ છેલ્લી વખત ઘેરથી નીકળેલો ત્યારે પોતાની સ્ત્રીને

*આ આખી વાત બહુ રસ પડે તેવી છે. 'દરિયાના મામલા' નામે ચોપડીમાં એ વાર્તા છપાયેલ છે.

અને રામજી શેઠને કહેતો ગયેલો કે મારી પાછા આવવાની વાટ જોવી નહિ. ફરીને કદી ન જ આવું તો મારે માટે શોક કરવો નહિ, અને આનંદથી જે કામ કરતાં હોઇએ તે કરવું, અને મારી પાછળ જખુ પણ મોટું નામ કાઢે એવો અને દરિયાનો ભોમિયો થાય એવી કેળવણી એને આપજો."

રામજી શેઠનાં વહાણો પાછાં આવ્યાં, શહેર આખામાં તો આનંદઆનંદ થઈ રહ્યો પણ વહાણ ઉપરનાં માણસો આવ્યાં નહિ એટલે શેઠનું મન વલોવાઈ જવા લાગ્યું. એ આખી રાત તે ઊંઘી પણ શક્યા નહિ. સવારે એ દાતણ કરતા હતા ત્યાં ચાર પાંચ ખારવાઓ દોડતા આવ્યા અને કહેવા લાગ્યા, "શેઠ, જરા ચાલો તો ખરા, તભાની વહુ મીઠીએ ભારે તોફાન ઉપાડયું છે."

એ સાંભળીને શેઠ એકદમ ઊભા થઇ ગયા. "શું તોફાન માંડયું છે?" શેઠ બોલ્યા.

"બીજું તો શું હોય? તભો પાછો ન આવ્યો એટલે કંઈક થઇ ગયું હશે." એક ખારવો બોલ્યો.

"ચાલો, હું આવું છું." શેઠ બોલ્યા અને ઝટપટ મોં ધોઈને ડેલીની બહાર નીકળ્યા.

સૌ આવ્યા ત્યારે મીઠી શાંત પડી ગઈ હતી.

શેઠે શાંતિથી પૂછયું, "કેમ દીકરી, શું થાય છે?"

તભાની વહુ લાજ કાઢવા જતી હતી ત્યાં શેઠ બોલ્યા, " તું મારી દીકરી ગણાય. જે કહેવું હોય તે શરમાયા વિના કહે."

તભાની વહુ નીચું જોઈ ને બોલી, " કંઇ ન'તું, એ તો એ તો જરા અમસ્થું."

" ઠીક જો, ત્યારે એક વાત કહું." શેઠે કહ્યું " હું નાહી ધોઈ ને અહીં આવવાનો જ હતો. તેને બદલે હમણાં જ કહી દઉં કે તમારી ચિંતા હવેથી મારે માથે છે. કોઈ વાતે તમારે હવે મૂંઝાવાની જરૂર નથી. અને હવેથી તમે આપણે ઘેર જ આવી જાઓ."

તભાની વહુના ખોળામાં જખુ બેઠો હતો. તેની ઉંમર તો ત્રણ ચાર વર્ષની હતી પણ અત્યારથી જ એણે પોતાની હોશિયારી સૌને બતાવી દીધી હતી. એ શેરીમાં ફરતો, દરિયાકિનારે એકલો જતો, કાંઠે ઊભેલાં વહાણો ઉપર ઠેકં-ઠેકા કરતો અને કેટલાં ય તોફાનો કરતો. શેઠે એને કહ્યું, "કેમ જખુ, ચાલશે ને આપણે ઘેર?"

જખુ એ સાંભળીને એકદમ ઊભો થઇ ગયો અને બોલ્યો, " હોવે, કેમ ન આવીએ? પણ દરિયામાં જાવા દેવું પડશે. બાપા દરિયે ગિયા છે ને?"

" જરૂર જવા દેશું. ચાલ, થઈ જા અત્યારે જ મારી સાથે." શેઠે કહ્યું.

જખુને વધારે કાંઈ કહેવું પડે તેમ નહોતું. એ તો 'ચાલો' કહીને થયો આગળ.

શેઠે તભાની વહુને કહ્યું, "તમે ક્યારે આવશો ? તમારાં બા તેડવા આવે તેની સાથે આવી જજો. જખુને હું તેડી જાઉં છું."

"જખુને હું થોડી વાર પછી મારી મેળે મોકલી દઈશ અને હું તો આવીશ સાંજે. ઘર વાળીશ, ઝૂડીશ. કાંઈક સમું-નમું પણ કરવું છે." તભાની વહુએ કહ્યું.

"ભલે, એમ. ત્યારે હું જાઉં, હવે ?" શેઠે કહ્યું.

"ભલે જાઓ. ચિંતા ન કરજો." તભાની વહુએ કહ્યું.

"ઠીક જખુભાઈ, તમારી બા કહે છે કે તમારે મારી સાથે નહિ આવવું. તમે એકલા આવશો ને?"

"હોવ્વે, કેમ નહિ આવી શકીએ ?" જખુએ શેઠને જવાબ આપ્યો. તભાની વહુ પણ હસી પડી. શેઠ ગયા એટલે સૌ વીખરાયાં.

બધાંના ગયા પછી તભાની વહુ થોડી વાર વિચાર કરતી બેસી રહી. પ્રથમ તો એને થયું કે શેઠને ત્યાં જઈને રહેવું. શેઠનું મોટું રસોડું ચાલતું. એ રસોડે ઘણાં માણસો જમતાં. વાણિયા, બ્રાહ્મણ, ખારવા, એમ ઘણી જાતના લોકો ત્યાં જમતા. શેઠને કંઈ બાળક નહોતું, તેમ શેઠનાં માતપિતા પણ નહોતાં, પણ શેઠ-શેઠાણી અને શેઠનાં બીજાં કુટુંબીઓ એ જ

રસોડે જમતાં. સૌને રહેવાની પણ સરસ સગવડ હતી, કોઈને ઓછી સગવડ નહોતી તેમ કોઈને વધારે સગવડ પણ નહોતી. સૌને માટે તેને તેને લાયક કામ પણ કરવાનું હતું. બધાં બહુ સંપથી અને આનંદથી રહેતાં. નાનાં છોકરાંઓ માટે તો ઘણી ઘણી સગવડો હતી. એટલે તભાની વહુને થયું કે ત્યાં જઈને રહેવામાં કાંઈ વાંધો નહોતો. પણ પછી એને એક બીજો વિચાર આવ્યો. 'જખુની તો કાંઇ ચિંતા કરવી પડે તેમ નથી. હું ન હોઉં તેથી એને કાંઈ ખોટ આવવાની નથી. શેઠાણીને છોકરાંઓ ઉપર મા કરતાં યે અધિક હેત હોય છે. હું પણ તભો ગયો ત્યાં જઉં તો?' પણ વળી વિચાર થયો, 'તભો ક્યાં ગયો છે એની કોઈને ખબર હોત તો શેઠ પોતે જ એની તપાસ ન કરાવત? પણ તભાને દરિયાલાલે ભરખી લીધો હોય, તભો દરિયામાં મરી ગયો હોય તેવું પણ લાગતું નથી. બસ, હું મુસાફરીએ જ ઊપડી જાઉં, દેશ પરદેશ રખડીશ, ક્યાંક કોઈક દિવસ તો તભો મળી જશે ને? અને ઊપડી જવું તે પણ કોઇને ખબર ન પડે તેવી રીતે, નહિતર વળી શેઠ રોકી રાખે.'

આ વિચાર એને ઠીક લાગ્યો. એણે જખુને ઝટપટ નવડાવી, ઊજળાં લૂગડાં પહેરાવી, શેઠને ઘેર વિદાય કરવા તૈયાર કર્યો અને કહ્યું, "શેઠનું ઘર જોયું છે ને, જખુ?"

"હોવે, બહુ વાર જોયું છે." જખુ બોલ્યો.

"એકલો જઈ શકીશ?"

"કેમ નહિ જઈ શકું ?"

"તો તું જા, અને શેઠાણીબાને કહેજે કે મારી મા સાંજે આવજે. કહીશ ને ?"

"હોવે, કેમ નહિ કહીએ ?" જમુએ જવાબ આપ્યો. પછી માએ એને એક મીઠી બકડી ભરી અને બારણા સુધી વળાવવા એની સાથે તે ચાલી. જમુ કદુક કદુક કરતો ચાલતો હતો, એ દેખાતો બંધ થયો ત્યાં સુધી મા એની પાછળ ને પાછળ જોઈ રહી. એની આંખ આંસુથી ભીની થઈ ગઈ, પછી ઘરમાં આવીને એણે આંખ લૂછી નાખી પાણિયારે ઘીનો દીવો કર્યો અને સાડલાનો છેડો પાથરી પગે લાગી.

પછી ઝટપટ એણે જરૂરી સામાન બાંધી લીધો. પોટલું ઉપાડીને છાનીમાની તે શેરીની બહાર નીકળી દરિયાકાંઠે આવી.

દરિયાકાંઠે તો એ ઘણી વાર આવી હતી, વહાણની નાની નાની મુસાફરીઓ પણ એણે ઘણી કરી હતી પણ આજે એને દરિયાકાંઠો કાંઈ જુદી જ તરેહનો લાગ્યો.

વહાણોની તો એન્ય મોટી ઠઠ જામી હતી. કોઈક વહાણમાં માલ ચડતો હતો, તો કોઈકમાંથી માલ ઊતરતો હતો, કોઈકમાં કાંઈક સમારકામ થતું હતું તેના મોટા અવાજ થતા હતા તો કોઈ વહાણ ઊપડવાની તૈયારી કરતું હતું તેના હોકારા દેકારા થતા હતા. દરિયાની ખાડીનો કેટલીયે બાજુથી કાંઠો વાળી લીધો હતો, એને કહેવાય ધક્કો. જુદા જુદા દેશથી આવતાં

અને જતાં વહાણો માટે જુદા જુદા ધક્કા હતા. એક એક ધક્કા ઉપર એક સામટાં મોટાં વીશ વીશ વહાણો લંગર નાખી શકે તેવી જોગવાઈ હતી.

કિનારા ઉપર જ વહાણો બનાવવાનાં મોટાં કારખાનાં હતાં. હિંદુસ્તાનનાં મલબાર, ખંભાત, કોચીન, કોલંબો, ચિત્તગ્રામ (ચિતાગોંગ), દ્વારકા એમ ઘણાં બંદરોએ આવાં કારખાનાં હતાં. તેમાંથી લુહારોની ભઠ્ઠીઓ લાલ–પીળા ભડકા તડતડ અવાજે ઉડાડતી અને સુતારનાં કરવતો અને વાંસલા અને ઘણિયાનાં ઘણ અને એરણના અવાજો ગાજતા હતા, એ પણ એક જાતના સંગીત જેવું લાગતું હતું. જાણે સમુદ્રદેવની મોટી આરતી ઊતરતી હોય તેવું બધું લાગતું હતું. અને એ આરતીનાં દર્શન કરવા દેશદેશથી વહાણો અહીં આવતાં હોય અને આપણા દેશનાં વહાણો પરદેશમાં સૌને દર્શન કરવા આવવા માટે આમંત્રણ આપવા જતાં હોય એવું લાગતું.

આ જોઈને તભાની વહુના મનમાં કંઈ કંઈ થવા લાગ્યું. કાંઠા ઉપર માણસોની ભીડ એટલી બધી હતી, અને કામની ઉતાવળ સૌને એટલી હતી કે એની તરફ કોઈની નજર ન ગઈ. એને થવા લાગ્યું કે એકદમ કોઈ વહાણ પર ચડી જાઉં, એકદમ વહાણ ઊપડે અને કેવાં કેવાં પરાક્રમ કરી તભાને એકદમ શોધી કાઢું અને એકદમ પાછી ઘેર આવી જઉં.

એને થયું કે દેશના કોઈ વહાણમાં તો ન જવું. કદાચ એથી શેઠને ખબર પડી જાય અને પોતે મનગમતી રીતે મુસા-

ફરી ન કરી શકે, એટલે તે પરદેશનાં વહાણો ઊભાં રહેતાં ત્યાં ગઈ. ત્યાં પણ કયા દેશના વહાણ ઉપર જવું તે પ્રશ્ન થયો. ચીનના લોકો જોખમો બહુ સહન કરી શકે પણ ચીનમાં તો હિંદુસ્તાનના ઘણા માણસો જતા હોય છે. ચીનના હેચાઉ નામના બંદરમાં તો હિંદુસ્તાની માણસોની મોટી વસ્તી છે. હિંદુસ્તાનની પૂર્વ તરફ આવેલા જાવા, સુમાત્રા, હિંદી ચીન, બધા દેશોનું એવું જ છે. પૂર્વ તરફના દેશોમાં રૂ બહુ થતું નથી અને કાપડ સારું બનતું નથી એટલે હિંદુસ્તાનનો ઘણો માલ તે તરફ જાય છે અને તે દેશોમાં શેરડી, ગરમ મસાલા, રેશમ અને હાથકારીગરી સારી થાય છે એટલે ત્યાંનો માલ અહીં આવતો હોય છે, એટલે તે તરફ હિંદુસ્તાનના માણસો બહુ હોય છે; વળી એ દેશના માણસો દરિયાની બહુ મુસાફરી કરવાનો શોખ નથી ધરાવતો. જમીન ઉપર મુસાફરી કરવાનું તેઓ વધુ પસંદ કરે છે, માટે પૂર્વના વહાણો ઉપર જવું નકામું.

અરબસ્તાન, ઇરાક, એ દેશોના લોકો વહાણવટું બહુ કરે પણ વેપાર માટે જ, સાહસ માટે નહિ, વળી ત્યાં હિંદી લોકોની આવ-જા બહુ હોય છે. ખરી રીતે તો યુરોપના કોઈ દેશના વહાણ ઉપર ચડવું જોઇએ. એ લોકો સમુદ્રનાં બહુ સાહસ કરતા હોય છે, વળી તભો ખોવાયો પણ ત્યાં જવાના માર્ગમાં જ, આફ્રિકાની દક્ષિણે વળાંક લઈ પશ્ચિમ તરફ જઈ ઉત્તર તરફ વહાણ જાય એટલે આટલાંટિક મહાસાગર અને

એમાંજ ટપુડીની ખાંચ તરીકે જાણીતી પેલી ટેકરીઓ છે કે જ્યાંથી તભો ગૂમ થયો; માટે યુરોપના વહાણમાં ચડવું એ જ ઠીક. યુરોપના લોકોમાં વધારેમાં વધારે સાહસિક અને હોશિયાર લોકો સ્પેન દેશના સ્પેનીશ લોકો છે માટે એ લોકો સાથે જવું.

આવો પૂરો વિચાર કરી તભાની વહુ સ્પેનનું એક સ્પેનીશ વહાણ ઊભું હતું ત્યાં ગઈ અને સીધી જઈને કપ્તાનને મળી.

"મારે આપના વહાણમાં આપની સાથે આવવું છે, લઈ જશો તો મહેરબાની." એણે કપ્તાનને કહ્યું.

"અમારી સાથે? અમારું વહાણ તો સ્પેન દેશનું છે." કપ્તાન બોલ્યો.

"જી હા, એ હું જાણું છું. મારો ખ્યાલ છે કે સ્પેનીશ લોકો સમુદ્રના બહુ સાહસિક હોય છે એટલે મને આવી ઇચ્છા થઇ છે."

"ઘણું સરસ! પણ અમારું વહાણ તો આજે જ ઊપડવાનું છે, બે જ કલાકની વાર છે, અને તમારે તો હજી તૈયારી કરવાની હશે, પણ તમારી ઇચ્છા હશે તો આવતી કાલે રવાના થઇ શકીએ તેવો બંદોબસ્ત કરશું." કપ્તાને કહ્યું.

"એવી કશી જરૂર નથી. હું તૈયાર થઇને જ આવી છું" મીઠી બોલી.

"તો અમને કશો વાંધો નથી, ભલે તમે આવો." કપ્તાને કહ્યું.

કપ્તાનનું નામ ઓ મોન્ટી હતું. મીઠીએ પોતાનું નામ આપ્યું, બીજી ઝાઝી ઓળખાણ ન આપી. સૌ ખલાસીઓ કામ કરતા હતા તેની સાથે મીઠી પણ કામ કરવા લાગી ગઈ. ઓ મોન્ટી એને જોઈ રહ્યો. એને પણ લાગ્યું કે બાઈ માણસ છે છતાં મરદ જેવું કામ કરશે ખરી.

એ પછી થોડી જ વારે વહાણ ઉપડ્યું, તેની સાથે મીઠી પણ ચાલી. વહાણ ચાલ્યું એટલે મીઠી ઊભી થઈ ગઈ, એણે છાતીને ટટાર કરી અને કિનારા ઉપર એક લાંબી નજર નાખી. એની નજરમાં જખુ આવ્યો, જખુ યાદ આવતાં એની આંખ ભીની થઈ પણ તરત એણે આંખ લૂછી નાખી અને નજરને ફેરવી લઇ વહાણની અંદરના ભંડકિયામાં ચાલી ગઈ.

જખુ

જખુ તો હસતો કૂદતો શેઠના ઘર ભણી ચાલ્યો. શેઠની ડેલી આવી એટલે બહારથી જ એણે બૂમ મારી: 'કાકા, આવી ગિયો છું, હાં કે !'

પછી અંદર આવીને આમ તેમ જોવા લાગ્યો. શેઠને દીઠા નહિ પણ શેઠાણી રસોઇયાને કંઈક સૂચના આપતાં હતાં અને ચીજવસ્તુ બતાવતાં હતાં તે નજરે પડયાં એટલે જખુ એમની પાસે દોડયો; શેઠાણીને સૌ જશોદાબા કહીને બોલાવતાં પણ જખુએ તો જઈને કહ્યું, "શેઠાણીબા, શેઠ-કાકા કયાં ?"

"શેઠકાકા ?" શેઠાણીએ પૂછ્યું.

"કેમ વળી, શેઠકાકા, શેઠકાકા નહિ તો શું ? હમણાં અમારે ઘેર આવ્યા'તા, મને કિયે એકલો આવીશ ને? મેં કહ્યું, કેમ નહિ આવીએ ? એ શેઠકાકા. કયાં છે શેઠકાકા ?

મારે એમને કહેવું છે કે જુઓ, એકલો આવી ગિયો કે નહિ ?"
જખુ તો પટપટ માંડયો બોલવા. શેઠાણી એનું બોલવું સાંભળીને ખુશ ખુશ થઈ ગયાં. એમણે રસોઇયાને કહ્યું. "હું આવું છું હમણાં."

પછી જખુનો હાથ ઝાલીને કહ્યું, "ચાલ તારા કાકા પાસે તેડી જાઉં."

જખુ ચાલવા લાગ્યો. શેઠાણીએ પૂછ્યું, "તું કોનો દીકરો ?"

"બાપાનો." જખુએ જવાબ આપ્યો.

"એમ ? બાપાનું નામ શું ?" શેઠાણીએ ફરીને પૂછ્યું.

"બાપાનું નામ મને શું પૂછો છો ? મારું નામ મને પૂછો ને ?"

"તારું નામ શું ?"

"મારું નામ જખુ."

"વાહ, સરસ નામ છે."

આમ વાતો કરતા તેઓ શેઠ પૂજા કરતા હતા ત્યાં આવ્યાં. શેઠ પૂજા કરીને ઊઠતા હતા.

જખુને જોઈને શેઠ સામા આવ્યા અને એને એમણે ઉપાડી લીધો. "શાબાશ ! એકલો જ આવ્યો કે કોઈ સાથે

હતું ? ”

“ કોઈ સાથે કેમ ? એકલો જ આવ્યો વળી. પૂછો ને શેઠાણીબાને. એમને મેં કહ્યું છે કે હું એકલો જ આવ્યો. ” જખુ શેઠાણી સામે જોઈ ને બોલ્યો.

“ બા ક્યારે આવશે ? ” શેઠે પૂછ્યું.

“ સાંજે બા આવશે એમ બા કહેતી હતી. ” જખુએ કહ્યું.

“ સારું. હવે તમારે નાસ્તો કરવો છે ને ? ” શેઠે પૂછ્યું.

“ હોવ્વે, કરશું. ”

પછી શેઠે શેઠાણીને કહ્યું, “ આની સંભાળ હમણાં તમે રાખજો. એની બા આવે તેનું પણ બરાબર ધ્યાન રાખજો. એમને ઓછું ન આવે તે જોજો. હવે તમે જાઓ, હું પૂજાનાં કપડાં બદલી લઉં. ”

શેઠાણી જખુને તેડી ગયાં. તે પછી બપોર સુધી એમણે જખુને પોતાની સાથે ને સાથે રાખ્યો. એને અળગો કરવાનું જાણે એમને મન જ થતું નહોતું. જખુ પણ શેઠાણી સાથે બહુ હળી ગયો.

બપોરે આરામ માટે જખુને ઊંઘાડીને શેઠાણી શેઠ પાસે આવ્યાં અને બોલ્યાં: “ છોકરો સરસ છે. રૂપાળો પણ કેવો છે ! કોઈ એને ખારવાનો છોકરો કહે જ નહિ. મને થાય છે કે

આપણુને કાંઇ છોકરું નથી તો આને જ આપણો દીકરો કરી લઇએ તો ? ભગવાને જ એને આપણી પાસે મોકલ્યો છે. નહિ તો આવડો છોકરો એકલો આટલે દૂર આવી રીતે આવી શકે ખરો ? આપણો વેપારધંધો બહુ મોટો છે, છોકરો હોશિયાર લાગે છે, કેળવ્યો હોય તો આપણી પેઢીનું નામ ઉજાળે. ”

“ ભલે મારી કાંઈ ના છે જ નહિ. મને પણ એ ખૂબ જ ગમી ગયો છે. બાકી, એને કેવી કેળવણી આપવી એ આપણે નક્કી નહિ કરી શકીએ. એનામાં ખારવાનું લોહી છે, એના બાપની પણ ઇચ્છા એવી હતી કે એને સરસ ખારવો બનાવવો. અને એક બીજી વાત કહું. ટપુડીની ખાંચમાં આપણાં વહાણો ફસાયેલાં તેમાંથી વહાણો તો હાથ આવ્યાં પણ એક પણ ખારવો મળ્યો નહિ. એ ખોવાયેલા ખારવાઓને શોધવાની જરૂર છે. એ કામ માટે જતાં વહાણોમાં મારે જખુને ફેરવવો છે; જો દશ પંદર વર્ષમાં ય ખારવાઓનો પત્તો ન લાગે તો મોટો થયે જખુ એ કામ પોતે ઉપાડી લે. ”

થોડી વાર તો શેઠાણી આનો કાંઈ જવાબ ન આપી શક્યાં પણ પછી બોલ્યાં, “ આપણે એને આપણી રીતે કેળવવા તો માંડીએ. આગળ ઉપર જોયું જશે કે એને શું ગમે છે, અને શું નહીં. જો હિસાબલેખાં કરવામાં એને સૂઝ પડવા માંડે અને એમાં એનું ચિત્ત પણ ચોંટતું લાગે તો પછી આપણે,

એ ખારવાનો દીકરો છે, અને એના બાપની ઇચ્છા એને ખલાસી બનાવવાની હતી, એવી વાતો પકડી રાખીને એને પરાણે ખલાસી બનાવવાનો પ્રયત્ન શા માટે કરવો ?"

"સારું, તમને ઠીક લાગે તેમ કરજો. પણ તમારી ઇચ્છા પાર પડે તેવું મને તો લાગતું નથી. પછી તો જેવું ભગવાને ધાર્યું હશે તેવું થશે. આપણે એની શી ચિંતા ?" શેઠ બોલ્યા.

તે પછી બીજી આડીઅવળી વાતો થઇ અને પછી શેઠ બહાર જવા માટે ઊઠયા. એટલે શેઠાણી પણ ઊઠીને પોતાને કામે ગયાં.

કોનો દીકરો ?

સવારે સૌ પોતપોતાના કામમાં હોય, અને જખુ ઘરમાં ચાલ્યો જ આવતો હતો, એટલે હજી જખુને કોઇને મળવાનું બન્યું નહોતું. જમવા બધાં સાથે બેસતાં પણ જખુને શેઠાણીએ પોતાના ખોળામાં બેસાડી પોતાના ઓરડામાં એકલો જમાડયો હતો એટલે એ વખતે પણ કોઈ એને મળ્યું હતું. જમ્યા પછી તો શેઠાણી સાથે વાતો કરવામાં વખત ગયો અને પછી ઊંઘી ગયો એટલે ઊંઘી ઊઠયા પછી જ કોઈને મળવાનું બની શકે તેમ હતું.

એ ઊઠયો તે પહેલાં શેઠાણી એની પાસે પહોંચી ગયાં હતાં. એ ઊઠયો કે તરત શેઠાણી એની સામે જોઈને હસ્યાં. જખુ પણ હસ્યો, પછી શેઠાણી એનું મોં ધોવા લાગ્યાં. જખુએ કહ્યું, "મને આપો લોટો મારા હાથમાં. હું મારે હાથે ધોઈ લઇશ. તમે જોજો મને ધોતાં આવડે છે કે નહીં." અને એણે

પોતાને હાથે જ મોં ધોયું. પછી શેઠાણી એને માટે દૂધનો વાટકો ભરીને લાવ્યાં. જખુ આખો વાટકો ગટગટાવી ગયો. એ જ વખતે કોઇ બાઈ ત્યાં આવી. જખુને એ ઓળખતી નહોતી. એણે પૂછ્યું, "કોનો દીકરો છે ?" શેઠાણી જવાબ આપે તે પહેલાં જખુ જ બોલી ગયો, "બાપાનો દીકરો છું." આવનાર બાઈ હસી પડી. શેઠાણીએ બાઈને જખુની બરાબર ઓળખાણ આપી.

બાઈએ કહ્યું, "કેમ બાપાના દીકરા, અહીં શું બેઠો છે ? બધા છોકરા રમે છે ત્યાં જા ને!"

એ સાંભળીને જખુ એકદમ બેઠો થઈ ગયો, "હોવ્વે, ત્યાં જ જશું, કેમ નહિ જઈએ ?" એ બોલ્યો.

એ જોઈને શેઠાણી બોલ્યાં, "તારે ત્યાં જવાની જરૂર નથી. એ બધાંને આપણે અહીં જ રમવા બોલાવીએ છીએ. હું પણ અહીં બેસીશ."

"નહિ શેઠાણીબા–" જખુ બોલવા જતો હતો ત્યાં શેઠાણીબાએ એને અટકાવીને કહ્યું,

"મને એમ બોલાવવાની ? હું કાંઈ શેઠાણીબા નથી, હું તો બા છું."

"પણ શેઠકાકા શેઠકાકા ખરા ને ?"

"ના. એ પણ કાકા. શેઠકાકા નહિ."

"ભલે એમ, પણ બા, અમને મોકળાશમાં રમવાનું ગમે, તમારે રમત જોવી હોય તો ત્યાં જ આવો ને!" જખુ બોલ્યો.

"મારે તો આંહીં કામ છે, પણ ભલે તું જા." જશોદાબા બોલ્યાં.

જખુ સૌની જોડે રમવા ગયો. નાનાં છોકરાં રમતાં હતાં. એમાં ખારવાનાં છોકરાં હતાં અને વાણિયા–બ્રાહ્મણનાં છોકરાં પણ હતાં. સૌ દોરડું ખેંચવાની રમત રમતાં હતાં. જખુ ગયો એટલે નવા છોકરાને જોઈ તેમણે રમત પડતી મૂકી અને તેની આસપાસ ફરી વળ્યાં અને બોલવા લાગ્યાં, "એ–ય, નવો ભાઈબંધ, નવો દા."

એ વખતે જ પેલી બાઈ ત્યાં આવી. એણે બધાં છોકરાંને કહ્યું, "નવા ભાઈબંધને પૂછો તો, કે એ કોનો દીકરો ?"

એટલે એક જણાએ પૂછ્યું, "અરે ભાઈબંધ, તું કોનો દીકરો ?"

જખુએ જવાબ આપ્યો, "બાપાનો." એ સાંભળીને સૌ હસી પડ્યા. પછી તો બીજાએ પણ પૂછ્યું "તું કોનો દીકરો ?" અને ત્રીજાએ પણ પૂછ્યું, "તું કોનો દીકરો ?" અને એમ સૌએ પૂછ્યું, "તું કોનો દીકરો ?" પણ જખુએ તો સૌને જરા પણ અચકાયા વિના એકનો એક જવાબ આપ્યો, "બાપાનો દીકરો." સૌ ખૂબ હસવા લાગ્યા.

પછી એક મોટો છોકરો બોલ્યો, "કેમ, બાપના દીકરા,

તું કઇ પાટીમાં રમીશ? જો સામસામું દોરડું ખેંચવાનું છે? ખેંચાશે ને?"

"હોવે કેમ નહિ ખેંચાય?" જખુ બોલ્યો.

"ઠીક પણ કઈ પાટીમાં રમીશ તું?" જખુ આમાં કાંઈ સમજ્યો નહિ, પણ એક બીજો છોકરો બોલ્યો, "એ અમારી પાટીમાં રમશે."

જખુ રમ્યો. દોરડું ખેંચવામાં એ બહુ જોર કરતો હતો એને એમાં મજા પડી. જમવાનો વખત થયો ત્યારે જ સૌ થાક ખાવા નીચે બેઠાં. સૌને 'બાપનો દીકરો' બહુ ગમ્યો. ત્યાં તો જશોદાબા ત્યાં આવ્યાં, "ચાલ જખુ, જમવું છે ને?"

"આ બધાયને નથી જમવું?" જખુ બોલ્યો.

"બધાયને જમવું છે, પણ તું મારી પાસે બેસજે." જશોદાબા બોલ્યાં.

"અમને સૌની સાથે બેસવા દો ને!" જખુ બોલ્યો.

"ભલે, તો એમ. હું તારી પડખે જ બેસીશ." જશોદાબા બોલ્યાં. "પણ ચાલ, હાથ પગ ધોઈ દઉં."

"બધા કૂંડીએ ધુએ છે, હું પણ ત્યાં ધોઈ લઉં છું."

"હું સરખી રીતે ધોવડાવીશ." શેઠાણીબા બોલ્યાં. જખુએ કાંઈ જવાબ ન આપ્યો અને એમની આંગળી ઝાલી ચાલવા માંડયું.

સૌ જમવા બેઠાં હતાં. સવારની પેઠે જખુ અત્યારે જશો-

દાબાના ખોળામાં ન બેઠો પણ નીચે જ બેઠો. બધાં છોકરાંને એને પોતાની પાસે બેસાડવાની ઇચ્છા હતી અને 'એય બાપના દીકરા, અહીં મારી બાજુમાં બેસ ને!' એમ કહીને એને બોલાવતાં હતાં. જમુએ એકાદ બે વાર જશોદાબા સામું જોયું પણ જશોદાબાએ કહ્યું કે "અહીં બેસવું કાંઈ ખોટું નથી' એટલે તે ત્યાં જ બેસી રહ્યો, પણ બધાં છોકરાં એને 'બાપનો દીકરો, બાપનો દીકરો' એમ બોલાવવા લાગ્યાં એટલે બધાં મોટેરાંને એમાં મજા પડી. જમી ઊઠયા પછી દરેક જણ એની પાસે આવી 'કેમ છો બાપના દીકરા?' એમ પૂછતું. જમુ સૌને "સારું છે" એમ શાંતિથી જવાબ આપતો.

રાત્રે જશોદાબાએ જમુને પોતાની પડખે સુવાડયો. ધીરે સાદે બંને વાતો કરતાં હતાં. જશોદાબાએ જમુને પહેલી સમજણ તો એ આપી કે કોઇ પૂછે કે 'તું કોનો દીકરો' તો કહેવું કે 'કાકાનો.' અને કહેવું કે મને બાપનો દીકરો કહીને ન બોલાવવો. મારું નામ જમુ છે."

જમુએ કહ્યું, ભલે.

પછી જશોદાબાએ એને બીજી વાતો કહી.

"જો જમુ, હવે તારે માટે અહીં મહેતાજી આવશે. તારે એની પાસે ભણવા બેસવું. તારે તારા કાકા સાથે દુકાને જવું. આપણી દુકાન બહુ મોટી છે, આપણી દુકાનમાં કેટલા

બધા રૂપિયા છે. તું ભણીશ અને દુકાને જઈશ ને તું મોટો થઈશ ત્યારે દુકાન તારી કહેવાશે. બધા રૂપિયા તને મળશે."

"ભલે." જખુ બોલ્યો.

ત્યાં તો ઓશરીમાં કાંઈક ગડબડ થતી સંભળાઈ. જશોદાબા એકદમ ઊભાં થઇ ગયાં. એમણે જખુને કહ્યું, "તું અહીં બેસજે. હું હમણાં આવું છું."

બહાર પરસાળમાં શેઠ પરસેવે રેબઝેબ થતા ઊભા હતા અને ફરતા બીજા માણસો ઊભા હતા.

"કેમ, શું થયું ?" જશોદાબાએ પૂછ્યું.

"તભાની વહુ ક્યાંય દેખાતી નથી." શેઠે કહ્યું.

"તભાની વહુ? જખુની મા ? ક્યાં ગઈ?"

"કેમ ખબર પડે ? સાંજે અહીં આવવાની હતી. તમે બધાં તો તમારી ધમાલમાં હતાં, પણ જમવાટાણું થયું છતાં એ ન આવી એટલે હું એને ફરીને તેડવા ગયો. જઈને જોઉં છું તો ઘર ખુલ્લું અને અંદર કોઈ નહિ. ઘરમાં ઘણો સામાન વેરણછેરણ પડયો હતો. પાડોશમાં કોઈને ખબર નહોતી. આમતેમ ખૂબ દોડાદોડ કરી, દરિયાકાંઠે પણ જાતે જ જઈ આવ્યો પણ ક્યાંયથી કાંઇ ખબર ન મળી."

"તમે ભૂખ્યે પેટે આટલું રખડયા ? લો હવે જમી લો." જશોદાબા બોલ્યાં.

શેઠે એ બોલવા તરફ ધ્યાન ન આપ્યું. એકઠાં થયેલાં

માણસોને કહ્યું, " આપઘાત કરવાનું કારણ તો ન કહેવાય, છતાં જરા જાઓ ને, તપાસ કરો. હું બંદરી અમલદાર પાસે જાઉં છું. એ પણ પોતાનાં માણસો અને સાધનોથી તપાસ કરાવશે. તમે વાવ, કૂવા, તળાવ, ખાડી જ્યાં બને ત્યાં તપાસ કરો. "

સૌ વીખરાઈ ગયા. શેઠ એક ખાટ ઉપર બેસી ગયા.

" એમાં આટલી ચિંતા કરવા જેવું કાંઈ નથી. એ આવશે, શું કામ નહિ આવે? આંહીં કોઈને દુઃખ હોતું નથી એની એને ખબર છે. વળી માનો જીવ છે, આવડા છોકરાને મૂકી દેતાં એનો જીવ ચાલે જ નહિ. ગઈ હશે બજારમાં કે સગાને મળવા. "

" એનાં બધાં સગાંને અને નાતીલાને ત્યાં તપાસ કરાવી. બજારોમાં યે જોયું ક્યાં ય નથી. " શેઠ બોલ્યા.

" આવડું મોટું સુરત શહેર છે. એક માણસનો પત્તો લાગવો એમ કાંઈ સહેલ છે? ક્યાંક ગઇ હશે અને પાછી આવશે જ. " શેઠાણીબા બોલ્યાં.

શેઠે કાંઈ જવાબ ન આપ્યો.

" ચાલો, જમવા બેસો છો ને? " જશોદાબાએ કહ્યું.

" બંદરી અમલદાર પાસે જઇ આવું. "

" જવાય છે. પહેલાં ખાઈ લો. "

" ભૂખ નથી લાગી. " એક કહીને શેઠ ઊભા થયા અને જશોદાબા કંઈ કહે તે પહેલાં ઓશરી પરથી ઊતરી ગયા.

જશોદાબા પાછાં ઓરડામાં આવ્યાં. જખુ જાગતો જ હતો.

"કેમ, બીતો નહોતો ને?" જશોદાબા બોલ્યાં.

"બીયેં ? શા માટે ?"

"બહુ બહાદુર છો." જશોદાબા બોલ્યાં.

"કેમ ન હોઈએ ? બા કહેતી હતી કે મારા બાપા બહાદુર છે અને હું બાપનો દીકરો છે." જખુ બોલ્યો.

"અરે, ભૂલી ગયો, હવે તો હું મારા કાકાનો દીકરો છું." શેઠાણીએ શીખવેલું યાદ આવી જતાં જખુ ફરીને બોલ્યો.

"બરાબર, એમ." જશોદાબાએ કહ્યું.

'એ પછી જખુ ઊંઘી ગયો પણ શેઠાણીને ક્યાં ય સુધી ઊંઘ ન આવી. એમના મનમાં થયા જ કરતું હતું કે આ છોકરો કોનો ? એના બાપનો કે એના કાકાનો ? પણ એના કાકા પણ એના બાપ જેવા જ છે. એમને પણ મુસાફરીની, વહાણોની અને બહાદુરીની વાતો વધુ ગમે છે અને આ છોકરાના આચાર પણ એવા જ લાગે છે. હે ભગવાન, તેં મને એ આપ્યો છે તો હવે પાછો ઝૂંટવી ન લેજે. જખુ એના બાપનો ય નહિ, એના કાકાનો ય નહિ પણ મારો જ દીકરો થાય એવું કરજે.'

પછી એ સૂઈ ગયાં.

●

ભણતરની શરૂઆત

જશોદાબાએ તો બીજા જ દિવસથી જખુને ભણાવવા માટે એક સારા મહેતાજીને ઘેર બોલાવવા માંડ્યા. પહેલે દિવસે મહેતાજી આવ્યા. જખુ પાટી અને વતરણું લઈને એમની પાસે બેઠો. સામે ખાટ ઉપર જશોદાબા બેઠાં હતાં. મહેતાજીએ પાટી ઉપર 'શ્રી' લખી આપ્યો. પછી 'શ્રી' બોલાવવા માંડ્યું. જખુને એ બોલતાં આવડી ગયું. પછી મહેતાજીએ એને એ ઘૂંટવા કહ્યું. જખુ શેઠાણી સામે જોતો ગયો અને 'શ્રી' ઘૂંટતો ગયો. એને ઘૂંટતો જોઈને શેઠાણી ખુશ થયાં. તે દિવસે તો મહેતાજીએ 'શ્રી' ઘૂંટાવીને જ જખુને રમવા જવાની રજા આપી. શેઠાણીએ મહેતાજીને પૂછ્યું, "કેમ મહેતાજી, તમને લાગે છે કે નહિ કે જખુ ભણી શકશે ?" મહેતાજીએ કહ્યું, "હા, સારી રીતે ભણી શકશે, એટલું જ નહિ પણ હોશિયાર બનશે."

શેઠાણીએ સાંજે શેઠ ઘેર આવ્યા ત્યારે એમને એ વાત કહી. શેઠ મનમાં થોડા દિલગીર થયા, પણ મોઢેથી કંઈ બોલ્યા નહિ.

બીજે દિવસે મહેતાજી આવ્યા. તે વખતે શેઠાણી કંઈ કામમાં હતાં. મહેતાજીએ જખુને પાટી ઉપર 'ક' લખી આપીને કહ્યું, "બોલો ક...." જખુ બોલ્યો, "ક...." મહેતાજી કહે, "બરાબર, હવે 'ક' ઘૂંટો."

જખુએ 'ક' ઘૂંટવા માંડયો, પણ બહુ ઘૂંટવાથી 'ક' નો આકાર એવો થઈ ગયો કે એ જોઈને જખુને ગમ્મત પડી અને બોલ્યો, "ગુરુજી, આ તો ચીતર છે. કેવું સરસ ચીતર છે! વહાણનું ચીતર હોય એવું લાગે છે કે નહિ ?"

મહેતાજી કહે, "એ વહાણનું ચીતર નથી. એ તો 'ક' છે."

જખુ કહે, "'ક' તો ખરો પણ વહાણનું ચીતર પણ ખરું. જુઓ ને, આ નીચે વળાંક વળે છે તે વહાણનું ખોખું, આ ઉપર વળાંક છે તે પવનથી સઢ ફૂલ્યો છે અને વચમાં આડો લીટો છે તે વહાણ ઉપર ઊભા રહેવાનું પાટિયું છે. હવે તો કહેશો ને કે આ વહાણનું ચીતર છે ?"

મહેતાજીને એની એ વાતથી થોડું હસવું તો આવ્યું, પણ પછી બોલ્યા, "જુઓ જખુભાઈ, એવી રમત ન કરો, એ 'ક' છે. લ્યો ફરીથી લખી દઉં, સરખી રીતે ઘૂંટો."

જખુ મૂંગો મૂંગો ફરીથી નવો 'ક' ઘૂંટવા લાગ્યો, પણ

એને એ 'ક' લાગતો જ નહોતો. એને લાગતું હતું કે એ વહાણ જ છે. એના મગજમાં કેમે કર્યો 'ક' બેઠો નહિ. મહેતાજી વારે વારે ગોખાવે છતાં થોડી વાર થાય ને ભૂલી જાય અને મહેતાજી પૂછે કે 'આ શું છે?' તો જવાબ આપે 'વહાણ.'

આખરે મહેતાજી કંટાળી ગયા અને તેને રજા આપી પોતે જવા માટે ઊઠ્યા, ત્યાં જશોદાબા ત્યાં આવ્યાં. એમણે પૂછ્યું, "કેમ, આજે કેમ લાગ્યું? બરાબર ઘૂંટતો હતો ને?"

મહેતાજીએ જરા દિલગીર થઈને કહ્યું, "આજે એનું ચિત્ત કોણ જાણે ક્યાં હતું તે કલાક સુધી મથ્યો છતાં એક 'ક' પણ એને યાદ ન રહ્યો. પણ કંઈ નહિ. કાલે વધુ મહેનત લેશું."

તે દિવસે શેઠાણીએ શેઠને કંઈ વાત ન કરી.

દિવસ પછી દિવસ જતા ગયા. મહેતાજી ભણાવતા હતા, જમ્બુ ભણતો હતો પણ એને મજા નહોતી આવતી. દરેક અક્ષરમાં એ શોધવા મથતો કે એમાં વહાણ જેવું કંઈ દેખાય છે? કેટલાક અક્ષરમાંથી એણે એવું શોધી કાઢ્યું હતું. કોઈકમાં એ એવી કલ્પના કરતો કે વહાણને કિનારાના ઝાડે દોરડાથી બાંધ્યું છે. કોઈકમાં એને લાગતું કે વહાણને ઊભું કર્યું છે. કોઈકમાં લાગતું કે કોઈક દરિયામાં હાથના શેલારા મારીને તરે છે. કોઈકમાં લાગતું કે વહાણ નાંગરવાની દરિયામાં હોય છે તેવી મીંદડી છે. અક્ષરોને એ ગોખતો હતો, આંકડા પણ યાદ કરતો હતો, પણ એમાં એને મજા તો નહોતી જ આવતી. પણ એ શેઠાણીને

કંઈ કહી શકતો નહિ, અને થોડું થોડું ભણતો તો હતો જ એટલે શેઠાણીને લાગતું હતું કે એનું ચિત્ત ભણવામાં ચોટે છે ખરું. પણ જખુ મોઢેથી ન બોલી શકતો એટલે એના મનની વાત મનમાં બહુ ઘૂંટાયા કરતી. એને મહેતાજી કાંઈ લખવાનું કહે તો એ ક્યારેક ભૂલી જઈને એક બાબત લખવાને બદલે દરિયાનાં મોજાં અથવા વહાણ ચીતરવા લાગતો. વાંચતાં વાંચતાં અટકી જઈને વિચારે ચડી જતો. મહેતાજી એક સવાલ પૂછે તો તે સામો સવાલ પૂછી બેસે કે દરિયાનો સામો કાંઠો કેટલે દૂર હશે? વહાણ દરિયામાં કેમ તરતાં હશે? તરવા માટે આપણે હાથ પગ કેમ હલાવવા પડે છે? માછલાંને તરતાં કોણ શીખવે છે? માછલાં પાણીની અંદર કેમ ગૂંગળાઈ નથી જતાં? મહેતાજી એના આવા આવા સવાલોથી કંટાળી જતા અને કહેતા, “તમે અત્યારે આ ભણવામાં ધ્યાન રાખો.”

એ વખતે તો જખુ ચૂપ થઈ જતો પણ પછી મહેતાજી જતા એટલે પોતાના ફળિયામાં પાણીની એક મોટી કૂંડી હતી ત્યાં જતો અને તેની રમત કર્યા કરતો. કૂંડીમાં હાથથી તે પાણીના હિલોળ ચડાવતો અને અંદર કાગળની કે લાકડાની નાની હોડી મૂકીને તેને તરાવતો, ડોલાવતો, ડુબાડવાનો પ્રયત્ન કરતો, ડૂબકાં બચાવતો અને ડુબાડી પણ દેતો; એક હાથે પાણી હેલે ચડાવે, બીજા હાથે બીજી બાજુથી હોડીને એવી રીતે નમાવે કે પાણી એમાં ચડી ન આવે. મોટાં મોજાં હોય તોપણ વહાણ કેમ ન ડૂબે તેની કરામતો વિચાર્યા કરતો.

શેઠાણીએ એની એ રમતો જોઈ હતી. પણ 'એવું તો ઘણાંય છોકરાં રમે' એમ માની તે તેની દરકાર ન કરતાં. શેઠે પણ જોયું હતું પણ તેમના ખ્યાલમાં એ બરાબર નહોતું આવ્યું. એક વખત છોકરાંઓ સામસામાં દોરડું ખેંચતાં હતાં તેમાં જખુ એક બાજુ આગેવાન થઈ બીજાં છોકરાંઓને હુકમ કરતો હતો, "દોરડું ઢીલું મૂકો, હાં, ખેંચો હવે. પગ જમીન સાથે ખોડી રાખજો." એ જોઈ શેઠને થયું હતું કે જખુમાં હુકમ કરવાની આવડત છે અને એને ખબર પણ પડે છે કે ક્યાં કેવી રીતે જોર કરવું. એમણે શેઠાણીને એ વાત કરી હતી અને કહ્યું હતું, "જખુ ભણતો તો હશે, પણ જો એને વહાણ ઉપર મૂક્યો હોય તો એ વધુ સારું કામ કરે." પણ શેઠાણીને એ વાત ગમી નહોતી. શેઠાણીએ કહ્યું, "પણ એ ભણે છે કેવું એની તમને ક્યાં ખબર છે? જખુ તો થવાનો છે મોટો વેપારી." પછી શેઠ કાંઈ બોલ્યા નહોતા.

એક દિવસ જખુએ વાંસની વંઝી (લાંબી પાતળી સળીઓ)-ની બે કામઠીઓ લીધી. બંનેના બેય બાજુના છેડા એકમેક સાથે દોરીથી બાંધ્યા અને વહાણના કાંઠલા જેવો આકાર બનાવ્યો. પછી મોટા પનાનું એક કપડું એની ચોતરફ વીંટાળી પોતે વચ્ચે ઊભો રહ્યો અને પોતાની કરામતથી બનાવેલા આ 'વહાણ' ની કાઠીને પકડી રાખી. પછી એને હાથથી ડોલાવવા લાગ્યો, સાથે વહાણથી ઉપર દેખાતું એનું શરીર પણ તે ડોલાવવા લાગ્યો. અસલ એવું લાગે કે જાણે પોતે અંદર બેઠો

છે અને વહાણ ચાલે છે. એ જ વખતે શેઠ ત્યાં આવ્યા. એમને જોઈને જખુ બોલ્યો, "જુઓ કાકા, વહાણ કેવું ડોલે છે!" કપડાનો નીચલો ભાગ પવનમાં ફરફર થતો હતો તે દેખાડીને બોલ્યો, "એ મોજાં છે, હો કાકા!"

શેઠ એ સાંભળીને હસ્યા અને એમણે કહ્યું, "પણ બધું ખોટ ખોટું ને! વહાણે ય સાચું નહિ અને મોજાં ય સાચાં નહિ."

"પણ મજા તો સાચા જેવી જ આવે છે."

"સાચા જેવી મજા ખોટામાં આવે જ નહિ." શેઠ બોલ્યા. એ સાંભળીને જખુનું મોં પડી ગયું. એણે કહ્યું:

"તો અમને સાચા વહાણ ઉપર તેડી જાઓ ને!"

"તારાં બાને કહે. એ રજા આપે તો હું તરત તેડી જાઉં." શેઠ બોલ્યા અને પછી ચાલવા લાગ્યા.

થોડી વાર જખુ વિચાર કરતો ઊભો રહ્યો અને પછી ખોટું વહાણ નીચે મૂકી દઈને ડેલી બહાર રમવા ચાલ્યો.

વિચારમાં ને વિચારમાં એ ચાલ્યો જતો હતો ત્યાં એક ખારવાને ખભે દોરડું નાખીને એણે જતો જોયો. એની પાછળ એનો નાનો છોકરો દોડ્યો જતો હતો. જખુ દોડીને છોકરાની સાથે થઈ ગયો. જખુએ પૂછ્યું, "ક્યાં જાઇ."

"દરિયે." છોકરાએ જવાબ આપ્યો.

"દરિયે ? તમારે વહાણ છે દરિયામાં ?" જખુએ પૂછ્યું.

"હોવે. અમારે તો મોટું બધું વહાણ છે."

"તારા બાપા હલાવે છે ?"

"મારા બાપા હલાવે છે અને હું ય હલાવું છું. મારી પોતાની તો નાનકડી હોડી છે. હું એકલો એને દરિયામાં આઘે આઘે લઈ જાઉં છું."

"તારું નામ શું ?"

"મારું નામ અંજુજી" પેલા છોકરાએ કહ્યું. પણ બંને વાતો કરવામાં રહ્યા ત્યાં અંજુજીના બાપા તો ઉતાવળા ચાલતા કેટલા ય આગળ નીકળી ગયા. અંજુજીએ એ જોઈને કહ્યું, "જો, મારા બાપા આગળ નીકળી ગયા. હું વાંસે રહી જાઉં છું." એમ કહીને દોટ મૂકીને એ એના બાપાની સાથે થઈ ગયો. જખુ એને જોતો જોતો ઊભો રહ્યો.

થોડી વાર એ ઊભો રહ્યો અને પછી એને થયું, "હું ય જાઉં દરિયે. અંજુડાને પૂછું કે દરિયામાં વહાણ કેમ હાલે છે ? પછી હું બાને કહું કે મને પણ વહાણ ઉપર મોકલે."

એ દરિયે આવ્યો. કિનારે કિનારે ફરીને જોવા લાગ્યો કે ક્યાં ય અંજુડો દેખાય છે કે નહિ. પણ એ દેખાયો નહિ. કેટલાં ય વહાણ ઊભાં હતાં–જાણે વહાણોનો મેળો ભરાયો.

આમાં એ ક્યાં હશે તે શી ખબર પડે ? એક બાજુને

કિનારે કિનારે જખુ આગળ ચાલ્યો. આગળ જતાં મોટાં વહાણોને બદલે નાનાં વહાણો અને હોડકાં દેખાવા લાગ્યાં. ઘણાં ય હોડકાં દરિયામાં તરતાં હતાં અને ઘણા ય નાના નાના છોકરા એ ચલાવતા હતા. કેટલા ય છોકરા તરતા હતા અને પાણીમાં રમત કરતા હતા. જખુને પણ તરવાનું મન થયું. પહેલાં થોડું થોડું તો તરતાં એને આવડી ગયું હતું પણ અત્યારે આવડે કે નહિ તેની તેને ખબર નહોતી. અહીં બધાના દેખતાં એ પાણીમાં પડે અને તરતાં ન આવડે તો બધા મશ્કરી કરે એટલે કોઈ ન હોય ત્યાં જઈને પાણીમાં પડી જોવું અને ખાતરી કરવી કે પોતાને આવડે છે કે નહિ. એ આગળ ચાલ્યો.

હવે બાંધેલો કાંઠો નહોતો. ખુલ્લા દરિયાની મીઠી હવા ફરફર આવતી હતી. પાણીથી જમીન એવી પોચી પોચી લાગતી હતી કે રેશમની તળાઈ ઉપર ચાલતાં હોઈએ એવું લાગે. સાંજ પડવા આવી હતી એટલે સૂરજ આથમતો હતો અને તેનું ઝાંખું તેજ પાણી ઉપર પથરાતું હતું. વાદળાંના લાલ ગુલાબી રંગો પાણી સાથે એવા તો મળી જતા હતા કે આખો દરિયો સોનાના રસ જેવો લાગતો હતો. જખુને એ જોવાની બહુ મજા પડી. એ જોતો જોતો ઊભો જ રહ્યો.

એક મોજું આવ્યું. એના પગને પલાળીને પાછું ગયું. ઠંડુ પાણી જખુને સારું લાગ્યું. બીજું મોજું આવ્યું તે સહેજ મોટું હતું. ત્રીજું મોજું આવ્યું અને એની ચોરણીને પિંડલી

સુધી ભીંજવીને પાછું વળી ગયું. જખુને વધારે ગમ્મત પડી. ચોથું મોજું સાવ નાનું હતું, પાંચમું પણ કાંઈ મોટું નહોતું એટલે જખુ જરા આગળ ગયો. ત્યાં તો છઠ્ઠું મોજું એવું આવ્યું કે એનાં ઘૂંટણ સુધી પગ ભીના થઈ ગયા. જખુના મનમાં થયું કે ચોરણી બહુ ખરાબ થઈ, પણ ‘ખરાબ થઈ તો થઈ, હવે શું થાય?’ એમ વિચાર કરીને ઊભો રહ્યો. ત્યારપછી બે મોજાં આવ્યાં તે કાંઈ ખાસ મોટાં નહોતાં, પણ નવમું મોજું એવું આવ્યું કે એના પગ નીચેથી રેતી સરી ગઈ અને તે પાણીમાં પડી ગયો. પડતાં જખુ ધ્યાન ચૂકી ગયો ને પાણીમાં ગળકાં ખાવા લાગ્યો, ને થોડું પાણી પી ગયો. પછી એને ભાન થઈ આવ્યું અને તે હાથપગને ઉછાળવા લાગ્યો. તે સરળ રીતે તરવા લાગ્યો. એને થયું કે પોતે તરતાં ભૂલી ગયો તો નથી.

તરવાનું એક વાર આવડ્યા પછી કદી ભુલાય જ નહિ.

સાવ સાંજ પડી ગઈ હતી. સૂરજ પાણીમાં ડૂબતો હતો. આકાશના રંગો પણ જાણે કહેતા હતા કે ‘હવે અમે જઈએ છીએ.’ અને જાણે પાણી કહેતું હતું કે ‘ભલે તમે અમારી અંદર ડૂબી જાઓ. જુઓ, અમે પણ તમારા રંગનાં જ છીએ. આપણે કાંઈ જુદાં નથી.’ એમ આકાશના રંગો પાણીમાં મળી જતા હતા. પછી આકાશ કાળું થવા લાગ્યું એટલે સમુદ્રનું પાણી પણ કાળું દેખાવા લાગ્યું. આમ સાંજનું ખૂબ અંધારું થઈ ગયું.

જમ્બુ થોડી વાર તર્યો પણ પછી એને યાદ આવ્યું કે તે ઘેર કહીને આવ્યો નહોતો. એ ઝટપટ પાણીની બહાર નીકળવા લાગ્યો પણ એને બહાર આવતાં કંઈક તકલીફ પડતી હતી. એણે ઘણા છોકરાઓને પાણીમાં ડૂબકી મારીને માછલી તરે એવી ઝડપથી તરતા જોયા હતા એટલે એણે પણ ડૂબકી મારીને આગળ નીકળવાનો પ્રયત્ન કર્યો, પણ ત્યાં તો ઊલટું જ બન્યું. પાણીની અંદર ડૂબકી મારતાં તો તે અવળી જ બાજુ જોરથી ખેંચાવા લાગ્યો. એ ગભરાયો. એ પાણીથી ઉપર પણ આવી શકતો નહોતો. પણ પછી અકળાઈને જોર કરીને અંદર ને અંદર ગુલાંટ ખાધી. ગુલાંટ ખાધી કે તરત એ પાણીની ઉપર આવી ગયો. એ ખૂબ થાકી ગયો હતો અને શરીરમાં તરવાનું જોર રહ્યું નહોતું. ઊંધા સૂઈ હાથ હલાવી પાણીને પાછળ ધકેલી શરીરને એ આગળ લાવવા મથતો હતો, પણ એથી મોજાં મોં ઉપર પછડાતાં હતાં. એટલે એ ચત્તો થઈ ગયો અને અવળા હાથથી પાણીને પાછળ ધકેલવા લાગ્યો. આમ થાક વધારે લાગતો હતો અને બહુ આગળ વધાતું નહોતું, પણ પહેલાં પાણીથી મૂંઝારો થતો હતો તે હવે નહોતો થતો. પણ આમ કેટલીક વાર તરાય ? ખૂબ જ થાકી ગયો એટલે હાથ પગ ઢીલા થઈ ગયા અને ગરદન પાછલી બાજુ ઢળી પડી. આખું અંગ ઢીલું કરીને એ સૂઈ ગયો. એને અચાનક ધ્યાનમાં આવ્યું કે પોતે હાથ પગ હલાવતો નહોતો છતાં પાણી ઉપર રહેતો હતો.

એ કેમ? એ વાતની એને નવાઈ લાગી. શ્વાસ પણ બરાબર લેવાતો હતો. અંગ સાવ ઢીલાં કરીને આરામ પણ લઈ શકાતો હતો. એનું માથું કિનારા તરફ હતું અને પગ પાણીથી નીચે હતા એટલે મોજાં શરીરની નીચેથી ચાલ્યાં જતાં હતાં અને એક મોજું આવે અને તેને કિનારા તરફ થોડોક ધસડે, બીજું મોજું આવે અને વળી થોડોક ધસડાય—આમ કંઈ પણ કર્યા વિના આરામથી સૂતાં સૂતાં એ કિનારાની નજીક આવી ગયો. પછી તો હાથના બે શેલારા મારી તે સાવ કિનારે આવી ગયો. કિનારા ઉપર તેણે ઊભા રહીને 'હાશ' કર્યું. તકલીફ તો ઘણી પડી પણ આનંદ પણ પડયો અને નવું પણ જાણવા મળ્યું કે મોજાં આવતાં હોય ત્યારે પાણીની અંદર ડૂબકી મારવાથી કિનારા તરફ નથી અવાતું અને ચત્તા સૂઈને શરીરને ઢીલું કરી માથું કિનારા તરપ્ રાખ્યું હોય તો મોજાં ઉપર સવારી કરતાં કરતાં આપણે વગર મહેનતે કિનારે આવી શકીએ છીએ. 'ઘેર જાઉં અને કાકાને આ વાત કહું' એવા હરખમાં એ ઘેર આવવા દોડયો. એને ભાન પણ ન રહ્યું કે પોતે બપોરે ઘેરથી નીકળ્યો હતો અને અત્યારે તો રાત પડી ગઈ છે—બા કેવી ચિંતા કરતાં હશે.

એ ઘેર આવ્યો, જુએ તો મોટી ધમાલ મચી ગયેલી. એને જોઈને સૌ બોલી ઊઠયાં, "અરે, જખુ ભાઈ તો આ આવ્યા."

શેઠાણી તો એકદમ દોડયાં અને એને છાતીએ લગાડી દીધો. "કહ્યા વિના ચાલ્યા જવાય? ક્યાં ગયો હતો?"

“ બહુ મજા પડી. તરવાની એ નવી રીત જાણી. ” જખુ હરખથી બોલ્યો.

“ દરિયે ગયો હતો? આ લૂગડાં ત્યાં ભીનાં થયાં ? એકલા જવાય ? લે ચાલ, જો શરદી લાગશે, લૂગડાં બદલી લે. ” શેઠાણી એને ઓરડામાં લઈ ગયાં અને ઝટપટ લૂગડાં બદલ્યાં. તરત દેવતા પાસે લાવીને તપાડયો. બીજાં બધાં ટોળે વળીને ઊભાં હતાં.

“ પણ તું ગયો હતો ક્યાં ? અમે તો કેટલે ઠેકાણે જોયું. હજી પણ ઘણા ય જણ દરિયામાં ખોળાખોળ કરતા હશે. ” શેઠાણીએ પૂછ્યું.

પછી જખુએ તો બધી વાત રસથી કહી બતાવી. સાંભ-ળીને સૌ નવાઈ પામ્યાં ને બોલ્યાં, “ આમ કંઈ આવડયા વિના એકલા પાણીમાં પડવું, તરતાં જાણી લેવું અને વળી આવી મુસીબત સામે થઈને પણ બહાર નીકળવું એ તો ભારે કામ કહેવાય. ખરો હોશિયાર. ”

પછી શેઠાણીએ સૌને જવાની રજા આપી અને જે લોકો જખુને શોધવા માટે હજી ફરતા હતા તેમને પાછા બોલાવી લેવા માણસ મોકલ્યા.

જખુ તો બહુ આનંદમાં હતો. એને કંઈ થયું નહોતું છતાં શેઠાણીએ તો એ માંદો હોય તેમ એને બે દિવસ સુધી

સુવાડી રાખ્યો. જખુને તો લાગ્યું કે પોતે કહ્યા વિના ગયો તેની તેને આ સજા મળે છે. બે દિવસ પછી એ કંટાળીને બોલ્યો, "પણ મને કંઈ થયું તો નથી, તો ય શું કામ સુવાડી રાખો છો? અમને ફરી વાર જવા જ નહિ દો, શું?"

એ સાંભળીને શેઠને બહુ લાગણી થઈ આવી. તેમણે શેઠાણીને કહ્યું, "તમે એના ઉપર આ જુલમ કરો છો. આપણે શરત હતી કે જો એનું મન દરિયા તરફ ખેંચાય તો એને ખારવાને લાયક કેળવણી આપવી. હવે તમે જુઓ છો કે એનું મન ભણવા કરતાં વહાણ ચલાવવા તરફ વધુ છે. મેં તમને પરમદિવસે બપોરે જખુ દરિયે ગયો તે પહેલાં તે વહાણની કેવી રમત રમતો હતો તે નહોતું કહ્યું? એની બીજી રમતો જુઓ, તેમાં પણ લાગશે કે એ એક વેપારી બને તે કરતાં ખલાસી બને તે વધુ સારું છે. તમે પોતે કાંઈ બીજી સ્ત્રીઓ જેવાં નમાલાં નથી, તમને પણ સાહસ અને બહાદુરી ગમે છે. તો હવે જખુને પણ તમારે એ બાબત જ શીખવવી જોઈએ."

શેઠે આમ કહ્યું એટલે શેઠાણી સમજી ગયાં. એમણે શેઠને કહ્યું, "તમારી વાત બરાબર છે. આવતી કાલથી જ જખુને કોઈ સારા ખારવાના હાથ નીચે મૂકો. કેમ જખુ, તને વહાણ ઉપર જવા મળશે તો બહુ ગમશે ને?"

"હા, તો તો એવું ગમે, એવું ગમે, કે ન પૂછો વાત. અંજુડો પણ જાય છે. એના બાપા મોટું વહાણ ચલાવે છે અને એ નાની હોડી હલાવે છે. અમે બે ય સાથે હોડી તો શું, વહાણ ચલાવશું. પછી મોટું વહાણ ચલાવશું, પછી એનાથી મોટું વહાણ ચલાવશું. પછી...." જમુ બોલતો હતો.

"પછી દરિયામાં દૂર દૂર જશું, એમ ને?" શેઠ બોલ્યા.

"હા." જમુએ જવાબ આપ્યો.

●

પાણીની ઓળખાણ

બીજે દિવસે શેઠે અંજુડાના બાપાને બોલાવ્યા. એમનું નામ હતું કરસન ટંડેલ. કરસન ટંડેલ વહાણવટાના અનુભવી હતા. એમણે ઘણા દેશોની મુસાફરી કરી હતી. કરસન ટંડેલને શેઠે કહ્યું, "અંજુડાને અને જખુને સાથે જ રાખજો અને બંનેને સરસ કેળવજો. જખુની કોઈ રીતની બીક ન રાખશો. એને બરાબર પલોટજો."

તે જ દિવસથી જખુ કરસન ટંડેલ સાથે દરિયે જવા લાગ્યો. પહેલે દિવસે દરિયે આવતાં જ જખુએ વહાણના ઊંચા તૂતક પરથી પાણીમાં પડતું મૂક્યું અને પોતાને કાંઈ વાગ્યું કે ન વાગ્યું તે તરફ ધ્યાન આપ્યા વિના પાણી ઉપર આવી હાથના શેલારા મારવા લાગ્યો. ટંડેલ પણ એની પાછળ પડ્યા અને એની સાથે થઈ જઈને કહ્યું, "જો, એમ ન પડાય. એમ પડવાથી છાતીમાં બહુ વાગે અથવા હાડકું ભાંગી જાય. જો,

હું પડું છું તે જોજે." પછી કરસન ટંડેલ વહાણ ઉપર ફરીથી ચડયા અને એણે હાથ લાંબા કરી, માથું નીચે લાવી, સમળી હવામાંથી નીચે સરરર કરતી ઊતરે તેમ, પાણી તરફ શરીરને ઉતાર્યું. જખુને એ રીત ગમી ગઈ. એણે પોતે એમ પડી જોયું. એને લાગ્યું કે એમ પડવાથી પાણીની અંદર સીધા ઊતરીને તરત અંદર ને અંદર તરવા લાગી જવાય છે અને ઉપર સહેલાઈથી આવી જવાય છે.

પછી ટંડેલે એને બીજી એક વાત સમજાવી, "કોઈ કામ ઉતાવળે ન કરવું, ઝડપથી કરવું ખરું. ધીરજ રાખ્યા વિના ઝડપથી કરવા લાગીએ તે ઉતાવળ થઈ કહેવાય. ઉતાવળે કામ સરખું ન થાય.

સારું તરતાં તો એક જ દિવસમાં બરાબર આવડી ગયું. ઝડપથી થાકયા વિના તે ઘણું તરી શકતો હતો. હવે હોડી હલાવતાં શીખવાની ઉતાવળ લાગી હતી. બીજે જ દિવસે એ બંદરે આવ્યો. કરસન ટંડેલ ત્યારે ત્યાં નહોતા. જખુએ જોયું કે અંજુડાની હોડી વહાણ પાસે જ હતી, એટલે એ એમાં જ ચડી બેઠો અને બીજા કેટલાક છોકરા હલાવતા હતા તે જોઈને હલેસાં મારવા લાગ્યો. હોડી ચાલી તો ખરી, પણ સરખી ચાલતી નહોતી. ડોલાં બહુ ખાતી હતી, તોપણ જખુએ ચલાવ્યે રાખી. એમ કરતાં તો તે આગળ નીકળી ગયો. હલેસાં મારવાની ટેવ નહિ એટલે બાવડાં થાકી ગયાં અને તે હળવે

હળવે હલેસાં મારવા લાગ્યો. આમ કરતાં એને લાગ્યું કે હોડી પહેલાં કરતાં ઓછાં ડોલાં લેતી હતી. એને હોડી હલાવવાની થોડી કળ પડી ગઈ. થાક ઊતર્યો એટલે હળવે હળવે હલેસાં મારવા માંડ્યાં. એથી પાણી એક સરખી રીતે પાછળ ધકેલાતું હતું ને હોડી ડગ્યા વિના આગળ નીકળતી હતી. તે જ રીતે એણે પછી ઝડપથી હલેસાં મારતાં મારતાં પણ એ ધ્યાન રાખ્યું કે પાણી એક સરખી રીતે પાછળ ધકેલાય. હોડી સરસર ચાલવા લાગી. આમ થતાં એને તરત ટંડેલની શિખામણ યાદ આવી કે ધીરજ ખોવી નહિ અને ઝડપ રાખવી. આમ ચલાવતાં તે ખાડીની બહાર નીકળ્યો. ખાડીની બહાર તો ખુલ્લો દરિયો હતો અને મોજાં આવતાં હતાં એટલે એને અહીં બરાબર ફાવ્યું નહિ, તો પણ ધીરજથી એ હલેસાં માર્યે ગયો. છતાં ય હોડી ડોલં-ડોલ થતી હતી. હવે એને થયું કે કિનારે પાછો વળું. કરસન ટંડેલ આવી ગયા હશે અને ચિંતા કરતા હશે. એટલે એ પાછો વળવા લાગ્યો, પણ તેમ કરવું ફાવ્યું નહિ અને એક મોટું મોજું હોડીની ઉપર ચડી આવ્યું. હોડીમાં પાણી ભરાઈ આવ્યું અને તે ખૂબ ડોલી ઊઠી. શું કરવું એ મૂંઝવણનો વિચાર કરે ત્યાં તો બીજું મોજું આવ્યું અને વધુ પાણી ભરાયું. જખુને લાગ્યું કે હોડી ડૂબી જશે, એટલે હલેસું મૂકી દઈને પાણીને ખોબે ખોબે ઉલેચીને બહાર કાઢી નાખવાનો એણે વિચાર કર્યો. એણે હલેસું મૂકી દીધું અને ખોબો ભરવા સરખો બેસવા જાય ત્યાં શરીર હોડીની એક બાજુ નમી ગયું અને

હોડી ઊંધી વળી ગઈ. હોડી ઊંધી વળી ગઈ તે સાથે તે પણ પાણીમાં પડયો. પણ તકલીફ એ થઈ કે હોડી ઊંધી વળતાં હલેસાને એનો પગ વાગ્યો. હલેસું આડું થઈ ગયું. તે હોડીની બે બાજુમાં સજ્જડ જકડાઈ ગયું અને એનો પગ એમાં અટવાઈ ગયો. પગ હલેસામાં ભરાઈ રહેતાં તે પાણીમાં ઊંધે માથે થઈ ગયો. એને એકદમ ગૂંગળામણ થવા લાગી, પણ તરત જ હમણાં હોડી ચલાવતાં ટંડેલની જે શિખામણ યાદ આવી હતી તે ફરીને યાદ આવી કે ધીરજ ખોવી નહિ અને ઝડપ રાખવી. એટલે એ સ્વસ્થ થયો અને તરત એને ઉપાય સૂઝી આવ્યો. હળવે હળવે હાથ હલાવી તે પાણીમાં લટકીને સ્થિર થઈ રહ્યો અને પગને હલેસામાંથી સરકાવી લીધો. પગ છૂટો થયો કે તરત ઊલટા હાથનો જોરથી એક શેલારો મારી એ પાણીની ઉપર આવી ગયો અને 'હાશ' કર્યું. પછી ચારે બાજુ એક નજર કરી લીધી. ક્યાંય દૂર તો તણાઈ નહોતો ગયો એ જોઈ લીધું. હવે? હવે હોડી તો ઊંધી વળી ગઈ હતી. તરતાં તરતાં કિનારે તો પહોંચી શકાય, એમાં વાંધો ન આવે, પણ હોડીનું શું કરવું? પછી વળી સૂઝી આવ્યું કે એક હાથે તરતાં જઈને અને એક હાથે હોડીને હડસેલો મારતો જઉં, એમ કિનારે પહોંચી જવાશે. અને એણે એ રીતે તરવા માંડયું.

ત્યાં તો કરસન ટંડેલ હોડી લઈને તેની તરફ આવતા દેખાયા. જખુને જોઈને બોલ્યા, "અરે, હજી હલેસું હાથમાં

પકડતાં પણ આવડતું નહોતું અને હોડી લઈને નીકળી પડ્યો?"

"પણ મજા કેવી પડી!" જખુ બોલ્યો.

"હોડી તો ઊંધી વળી ગઈ છે. મજા શું પડી?" ટંડેલે કહ્યું.

"એમાં શું? જુઓને, હોડી ને કાંઠે લાવું જ છું ને!"

"એ કરતાં બીજી રીત બતાવું. એક રીત તો હોડી ઉપર પલાણી બેસવાની. ઘોડા ઉપર માણસ જેમ બેસે છે તેમ ઊંધી વળેલી હોડી ઉપર બેસી જવાય. અને બીજી રીત હોડીને સીધી કરીને હોડીની અંદર ઠેકીને બેસી જવાની રીત."

"એ તો સરસ." જખુ બોલ્યો.

પછી કરસન ટંડેલે જખુને પહેલાં બતાવ્યું કે હોડીના પડખાનો કેવી રીતે હાથથી ટેકો લેવો અને કેવી રીતે છલાંગ મારીને ઊંધી હોડી ઉપર પલાણી બેસવું. અને બીજું બતાવ્યું હોડીના છેડા આગળથી પકડી હોડીને પાણીમાં કેટલી નમાવવી અને કેવી રીતે ઝટકો મારીને એકલે હાથે હોડીને સીધી કરી નાખવી અને પછી કેવી રીતે અંદર ચડી જવું. જખુએ બે ચાર વાર કર્યું અને એને એ બરાબર ફાવી ગયું. પછી બંને કિનારા તરફ

આવવા લાગ્યા. રસ્તામાં જખુએ પોતાની હોડી કેમ ઊંધી વળી અને પોતે કેવો પાણીમાં ઊંધે માથે લટકી રહ્યો તે બધી વાત કહી. ટંડેલ તો એ સાંભળીને હસી હસીને બેવડા વળી ગયા પણ પછી કહ્યું, " શાબાશ ! "

અંજુડાએ જોયું કે જખુ બે દિવસથી જ દરિયે આવે છે છતાં પોતે જાણતો હતો તે કરતાં વધારે જાણવા લાગ્યો છે, એટલે તેને પણ શૂરાતન ચડયું અને તે પણ ખૂબ હિંમત બતાવવા લાગ્યો. પણ જખુને તે પહોંચી શકતો નહિ. છતાં તે જખુ કરે તે કરવાનો પ્રયત્ન કરતો અને કશાથી ડરતો નહિ.

કરસન ટંડેલ તો ઘેર જખુનાં ખૂબ વખાણ કરતા. એણે શેઠને કહ્યું, "થોડા વખતમાં જખુ મને પણ ટપી જાય તેવો થાય તો નવાઈ નહિ." એ સાંભળીને શેઠને આનંદ થતો હતો.

આ બનાવ પછી જખુને હોડી હલાવતાં પણ સરસ આવડી ગયું. એક વાર એમની રોજની હોડી ખરાબ થઈ ગઈ હતી એટલે બીજી નવી હોડી આવી હતી. તેમાં પ્રથમ વાર બેસીને એ અને અંજુડો પાણીમાં ગયા. રોજ એમને જે નહોતું લાગતું તેવું કંઈક નવું નવું એમને લાગવા માંડયું. તેઓ હલેસાં બહુ જ ધ્યાનથી અને પાણીનું જોર અને મોજાંની દિશા જોઈને મારતા હતા છતાં હોડી ડોલતી હતી અને સરખી ચાલતી નહોતી.

"આમ કેમ થતું હશે ?" જખુ બોલ્યો.

"કોણ જાણે ?" અંજુડો બોલ્યો.

"હોડી બહુ હળવી હળવી લાગે છે, ખરું ?" જખુ ફરીને બોલ્યો. "હા, લાગે છે તો ખરું." અંજુડાએ કહ્યું.

"ચાલો તો ખરા, જોઈએ, શું થાય છે?" કહીને જખુએ આગળ ચલાવ્યે રાખ્યું.

પણ હોડી સ્થિર થાય જ નહિ. જખુને જરા કંટાળો આવ્યો. "હોડી કેમ ડોલે છે અને એને ડોલતાં કેમ અટકાવવી એ સમજાય નહિ ત્યાં સુધી કિનારે પાછા ફરવું જ નથી." એ બોલ્યો.

"આપણને કાંઈ વાંધો નથી." અંજુડો બોલ્યો.

આવો નિશ્ચય કરીને તેઓ આગળ જ વધ્યા. ખાડીની બહાર જ્યાં ખુલ્લો સમુદ્ર હતો અને મોટાં મોજાં હતાં ત્યાં આવ્યા. મોજાં ડોલતી હોડીને વધુ ડોલાવવા લાગ્યાં અને ઉપર ચડી આવવા લાગ્યાં. અંજુડો હોડીમાં ચડી આવેલ પાણી કાઢી નાખવા જતો હતો ત્યાં જખુ બોલ્યો. "ભલે ભરાય પાણી. જોઈએ તો ખરા, કેવી રીતે ડૂબે છે?"

મોજાંની બે ચાર બીજી છાલક આવી અને વધુ પાણી ભરાયું. પણ વધુ પાણી ભરાતાં એક નવાઈ થઈ. હોડી ડોલતી બંધ થઈ ગઈ. તરત જખુના ધ્યાનમાં એ આવી ગયું, "જો,

હોડી કેવી સીધી રહી છે. ચાલો હવે આમ જ કિનારે જઈએ." એ બોલ્યો.

હોડીમાં પાણી ભરાયેલ હોવાથી બેસવાનું ફાવતું નહોતું. પણ શરીરને તો ગમે તેમ ફવરાવી દેવાય. પાણીનો ભાર વધવાથી હોડી ઝડપથી ચલાવાતી નથી. પણ એથી શો વાંધો? એ રીતે જ તેઓ હળવે હળવે કિનારે પાછા આવ્યા. ટંડેલને આજે પોતાના વહાણ ઉપર કંઈ કામ હતું. એ થોડા દિવસ પછી પ્રવાસે ઊપડવાના હતા. તોપણ જખુ એમની પાસે ગયો અને પોતાને થયેલ અનુભવ કહી સંભળાવ્યો.

ટંડેલે કહ્યું, "બરાબર છે. આ હોડી છે તે હળવા લાકડાની છે. હવે, જે વસ્તુને ચારે બાજુ ઊંચા કાંઠા હોય તે જો પાણીમાં બરાબર ડૂબેલી ન રહે તો એની ઉપરની બાજુઓ પર પવન લાગે અને તે ડોલ્યા જ કરે, સ્થિર રહે નહિ."

એ સાંભળીને જખુએ એકદમ કહ્યું, "પણ, વજન આવવાથી ડૂબી ન જાય?"

ટંડેલ હસી પડ્યા. તેમણે પૂછ્યું, "એક સવાલ પૂછું છું, જવાબ દેજે. લાકડું પાણીમાં તરે અને લોઢું ડૂબી જાય એનું શું કારણ?"

"હું કહું? લાકડું હળવું છે." અંજુડો વચ્ચે બોલી ઊઠ્યો.

"બીજું પૂછું,: તમે પારો જોયો છે ? ધોળો ચળકતો, ચાંદીના રસ જેવો પારો. એની અંદર લોઢું તરતું હોય છે. પાણીમાં લોઢું ડૂબી જતું હોય છે ત્યારે પારામાં કેમ તરતું હશે ?" ટંડેલ બોલ્યો.

"એ તો ખબર નથી." અંજુડો બોલ્યો.

"જુઓ, લાકડું પાણી કરતાં હળવું છે એટલે તે પાણીમાં તરે છે, અને લોઢું પાણી કરતાં ભારે છે એટલે તે પાણીમાં ડૂબી જાય છે. પણ લોઢું પારા કરતાં હળવું છે એટલે પારામાં ડૂબતું નથી. એટલે જે વસ્તુ જેના કરતાં હળવી હોય તે તેની ઉપર તરે."

"એ તો સમજાઈ ગયું. પણ આ મોટાં વહાણ તો હોડી કરતાં બહુ ભારે છે અને વળી એમાં માલ પણ કેટલો ભરે છે, છતાં ય તે પાણી કરતાં હળવું ?" જખુએ પૂછ્યું.

ટંડેલે એનો જવાબ આપ્યો, "કોઈ વસ્તુ બીજી વસ્તુ કરતાં ભારે છે કે હળવી તે એને નાની મોટી કે વધારે ઓછી જોઈને ન કહી શકાય. એમ તો લોઢાની નાની કણી વાટકી જેટલા પાણીમાં પણ ડૂબી જાય, અને મોટા દરિયામાં પણ ડૂબી જાય. લોઢાની નાની કણી અને વાટકી જેટલા પાણીને જોખ્યાં હોય તો તો એટલા પાણીનું પણ વજન લોઢાની કણી કરતાં વધુ હોય. છતાં તે મોટા દરિયામાં પણ કેમ ડૂબી જાય છે ? આપણે હળવું ભારે એ રીતે નથી ગણતા."

" ત્યારે ?" જખુએ પૂછ્યું.

" બંને વસ્તુ સરખા માપની લઈને જોખવી જોઈએ. પછી જે હલકી જણાય તે હલકી અને ભારે જણાય તે ભારે કહેવાય. આ પ્રમાણે જોખતાં પાણી કરતાં લાકડું હલકું જણાશે અને લોઢું ભારે જણાશે. પછી તેની એક કણી હશે તે ગમે તેટલા પાણીની અંદર પણ ડૂબી જશે એ નક્કી."

" આ તો સમજાઈ ગયું. પણ વહાણમાં અનેક જાતની ચીજો ભરે છે. એમાં તો લોઢું ય ભરે છે. છતાં ય એ પાણીમાં ડૂબતું નથી તેનું શું કારણ?" જખુ તો બસ મૂળ વાતને પકડી રાખતો હતો.

"હા, હવે એ સમજાવું. વહાણની ચાર બાજુ ઊંચી છે એટલે એની ચારે તરફ હવા હોય છે તે એને પાણીની ઉપર રાખે છે. પિત્તળનું પતરું હશે તે પાણીમાં ડૂબી જશે કારણ કે પિત્તળ પાણી કરતાં ભારે છે. પણ પિત્તળની વાટકી પાણીમાં તરે છે તેનું કારણ એ કે એના ચારે બાજુ ઊંચી થઈ હોય છે એટલે હવા એને પાણી ઉપર ટકાવી રાખે છે. પછી એની અંદર તમે ગમે તે નાખો છતાં તે એકદમ તો નહિ ડૂબી જાય. પણ એ વસ્તુથી જેમ જેમ ભારે બનતી જશે તેમ તેમ પાણીની અંદર બેસતી જશે. વાટકી પાણીમાં જેમ બેસતી જાય તેમ પાણીને થોડું થોડું ખસી જવું પડે, નહિ-

તર પાણી ખસે નહિ ને વાટકીને બેસવાની જગ્યા મળે નહિ તો વાટકી બેસે કયાં ? હવે જેટલી જગ્યામાં વાટકી બેસી શકે તેટલી જગ્યામાં જેટલું પાણી હોય તેનું જેટલું વજન થાય થાય એટલું વજન વાટકી અને વાટકીની અંદરની વસ્તુનું થાય ત્યારે જ વાટકી આખે આખી પાણીની અંદર સમાઈ શકે. વાટકીનું અને અંદરની ચીજનું જેટલું વજન ઓછું રહે તેટલું પાણી ઓછું ખસે અને તેટલા પ્રમાણમાં વાટકી પાણીની ઉપર રહે.

"મને તો આ કાંઈ સમજાતું નથી." અંજુડો બોલ્યો.

"મને થોડું થોડું તો સમજાય છે." જખુ બોલ્યો.

"વધારે તો મોટા થશો ત્યારે સમજાશે. પણ મારે કહેવાનું એ હતું કે વહાણ અને વહાણની અંદર જેટલો માલ ભરાયો હોય તે બધાનું વજન તે પાણીમાં બેસતાં જેટલી જગ્યા રોકે તેટલા પાણીના વજન જેટલું થાય તો જ ડૂબે."

આજે જખુને તો આ બધું સમજવામાં બહુ મજા પડી. ઘેર આવીને તે વાટકીની જ રમત કરવા લાગ્યો; નાની વાટકી લ્યે, મોટા વાટકા લે અને જુએ કે નાની વાટકીમાં કેટલું વજન ભરી શકાય છે.

એની રમત શેઠે જોઈ. શેઠે પૂછ્યું, "જખુ, ટંડેલકાકા તો જાય છે મુસાફરીએ. પછી તું શું કરીશ ?"

જખુને આનો જવાબ ન સૂઝ્યો. શેઠે ફરીને પૂછ્યું, " જવું છે એમની સાથે ? "

" હા. " જખુએ તરત જવાબ આપ્યો.

શેઠાણીએ જખુની હોશિયારીની વાતો સાંભળી હતી, એમના મનમાં હતું કે જખુ ઘેર રહે તો સારું પણ મોઢેથી એમણે એમ ન કહ્યું. તેઓ સમજી ગયાં કે જખુને વહાણનો અનુભવ આપવો જોઈએ.

જખુની પહેલી મુસાફરી ઘણી સરસ થઈ. અંજુડો એની સાથે હતો. અફાટ દરિયો, ક્યાંય જમીન દેખાય નહિ, સઢ ફૂલ્યા હોય, અને તેમાં પવન ભરાય અને વહાણ કેવું ઝડપભેર ચાલે. એ જોઈને એના મનમાં ઘણા ઘણા વિચારો આવ્યા કે હું એકલો વહાણ લઈને દૂર દેશોમાં જઉં. ભરદરિયે અને બંદરે બંદરે ફરતાં વહાણના સઢ બાંધવા–છોડવા પણ એ જ ચડતો. છલાંગ મારીને એ ઉપર ઠેકી જાય અને પવનનું ગમે તેવું તોફાન હોય છતાં શરીરને આમ તેમ ઝોક આપતો જરા પણ થડકાટ અનુભવ્યા વિના ચપચપ ઉપર ચડી જાય. વહાણને કોઈ બાજુ નમાવવું હોય ત્યારે વહાણની કિનારી ઉપર કરસન ટંડેલ જખુને તો ખાસ ઊભો રાખતા. જખુ પણ એક પગ ઉપર ઊભો રહીને બીજી બાજુ શરીરને વાળી દઈને વહાણને નમાવવામાં મદદ કરતો અને છતાંય શરીરને પાણીમાં પડવા દેતો નહિ. દૂર ઊભેલાં વહાણો ઉપર કશાયનો આધાર

લીધા વિના વાંદરાની પેઠે તે ઠેકતો જતો. એના શરીરની ચપળતા અને હિંમત જોઈ ને સૌ આશ્ચર્ય પામતા.

જખુ મહેતાજી પાસે થોડું વાંચતાં લખતાં અને ગણતાં શીખ્યો, થોડી ભૂગોળ શીખ્યો પણ પછી તો દરિયાના કામમાં એવો રચીપચી ગયો કે મહેતાજી પાસે બેસવાનો વખત જ ન મળતો. આમ એનું ચાંપડીનું ભણતર અટક્યું પણ એ દુકાને તો જતો જ અને એનું દરિયાનું ભણતર પૂર જોશમાં ચાલ્યું. એક પછી એક બાબતમાં હોશિયારી મેળવતો જખુ એક પછી એક વધુ ને વધુ મુશ્કેલીભરી મુસાફરીઓને પાર કરતો ગયો. દુનિયાના બધા દેશો અને ત્યાંના લોકો, જુદા જુદા દેશો આગળના સમુદ્ર, તેની વચ્ચેના બેટ, ટેકરાઓ અને જીવજંતુ તથા બીજાં જોખમો, મુસાફરીના માર્ગો, દિશાઓ જાણવાની રીતો, અને એવું ઘણું ઘણું એ જાણી ગયો. હિંદુસ્તાનના એકેએક બંદરને એણે જોઈ લીધું હતું, અરબસ્તાન અને પૂર્વ આફ્રિકાનાં ઘણાં બંદરો અને વચ્ચે આવતા દેશોનાં બંદરો તથા બેટોની મુલાકાત એને લેવા મળી. દરિયામાં લૂંટ કરવા માટે કેટલાક લોકો ફરતા હોય છે તે ચાંચિયા લોકો વિષે પણ એણે જાણ્યું. એક વાર તો બંગાળના ઉપસાગરમાં આવેલા ચિત્તગ્રામ બંદરના ચાંચિયાઓનો એમને ભેટો પણ થઈ ગયો હતો, એ વખતે એ વહાણનો મુખી એ પોતે બન્યો હતો અને એણે ચાંચિયાઓને હરાવ્યા હતા.

આ અનુભવ પરથી એ ચાંચિયાઓની લડવાની રીત પણ જાણી ગયો હતો. સોળ સત્તર વર્ષની ઉમર થતાં સુધીમાં તો એ ઘણું શીખી ગયો. હવે એને શીખવાનું કંઈ બાકી નહોતું. એની જોડે એના કેટલાક ભાઈબંધો પણ સરસ રીતે તૈયાર થઈ ગયા હતા.

•

પશ્ચિમ તરફ

શેઠે ખોવાયેલા ખારવાઓની અને પાછળથી ગૂમ થયેલ તભાની વહુની શોધ કરવામાં કંઈ મણા રાખી નહોતી, પણ તો ય એમનો કોઈનો પત્તો આટલાં વર્ષો પછી પણ લાગ્યો નહોતો. એમને આશા હતી કે એમના જૂના ખારવા દલિયો અને ધૂળિયો આવશે, એ કાંઈક ખબર લાવશે. પણ એમના ય કંઈ ખર કે ખબર નહોતા. એમના મનમાં બહુ મૂંઝવણ થતી હતી. એ વિચાર અને મૂંઝવણમાં તેમનાથી તેમનું રોજનું કામ પણ થતું નહોતું. પણ જખુ મોટો થઈ ગયો, હોશિયાર અને સાહસિક પણ એવો જ થયો, એની પડખે એના ભાઈ-બંધો પણ સરસ થઈ ગયા, જાણે એક નવી સેના તૈયાર થઈ ગઈ. એટલે એમને હવે આશા બંધાઈ કે જખુ એમનું ધારેલું કરી આપી શકશે. હવે તો પોતે બહુ વૃદ્ધ થયા હતા, મૃત્યુ ક્યારે આવે તે કાંઈ નક્કી નહિ એટલે મરતાં પહેલાં ખોવાયેલા

ખારવાઓની શોધ થઈ જાય તો જીવને નિરાંત થાય. જખુને હવે એક વખત યુરોપની મુસાફરીનો અનુભવ કરાવી લેવાય તો પછી એને ગમે ત્યાં રખડવા મોકલી શકાય એમ ધારીને એમણે જખુને પોતાની પાસે બોલાવ્યો.

જખુએ આવીને શેઠને પ્રણામ કર્યા.

શેઠે કહ્યું, " જખુ, યુરોપ જવાની તારી હિંમત છે ? "

" યુરોપ ? હા. "

" મુખી તું થઈ શકશે ? "

જખુ આનો જવાબ ન દઈ શક્યો. એટલે શેઠે કહ્યું, " એમાં કાંઈ મુશ્કેલ છે જ નહિ. બધા નકશાઓ તું જાણે છે, હિંદી મહાસાગરમાં તો બહુ ફર્યો છે, આટલાંટિક મહાસાગર વિષે તેં ઘણું જાણ્યું છે. અને અજાણ્યા સ્થળે જવાબદારી સાથે મુસાફરી કરવાથી જ પૂરેપૂરો અનુભવ મળી શકે. માટે થઈ જા તૈયાર. "

" જેવો તમારો હુકમ. " જખુએ કહ્યું.

પછી થોડીક વાર રહીને જખુ બોલવા લાગ્યો, " મારાં બા—"

" એમની ચિંતા તું શા સારુ કરે છે ? " શેઠે કહ્યું.

" એમને મારી ઉપર બહુ હેત છે. મને જેટલી વાર જોતાં નથી તેટલી વાર એમને ચેન જ પડતું નથી. આટલી લાંબી

મુસાફરીએ ઊપડવાનું નક્કી કરીએ તો એમની રજા લેવી ઠીક, એમ મને લાગે છે." જખુ બોલ્યો.

"એ રજા આપશે જ એવી મારા મનને ખાતરી છે." શેઠ બોલ્યા.

પછી જખુ જશોદાબા આગળ આવ્યો. એ બિચારાં હવે ખૂબ જ વૃદ્ધ લાગતાં હતાં. જખુ જઈને એમની આગળ નીચું જોઈને બેસી ગયો. શેઠાણીએ એને માથે હાથ ફેરવ્યો. જખુના મોં પરથી એ સમજી ગયાં કે એ કાંઈક કહેવા આવ્યો છે, એટલે પૂછ્યું, "કેમ, કાંઈ કહેવું છે?"

પણ જખુ જવાબ ન આપી શક્યો.

"મુસાફરીએ જવાની રજા માગવા આવ્યો છે? ક્યાં જવું છે?" શેઠાણીએ પૂછ્યું.

"યુરોપ." જખુ નીચું જ જોઈને બોલ્યો.

"બહુ દૂર!" શેઠાણી બોલ્યાં.

"હા." જખુ ધીમેથી બોલ્યો.

થોડી વાર શેઠાણી ચૂપ રહ્યાં. જખુ પણ બોલ્યા વિના બેસી રહ્યો. પછી શેઠાણીએ પૂછ્યું.

"ટંડેલ તરીકે કોણ છે?"

"હું જ ટંડેલ છું." શરમાતાં શરમાતાં જખુએ કહ્યું.

"તું? તું એવો બધો થઈ ગયો છે?" આશ્ચર્યથી શેઠાણી બોલ્યાં.

જખુએ એનો પણ જવાબ ન આપ્યો. થોડી વાર વિચાર કરીને શેઠાણીએ કહ્યું,

" ખુશીથી જજે. રાજીખુશીથી હું તને રજા આપું છું. જેમ તું મને વહાલો છે તેમ તારી નામના પણ મને વહાલી છે. હું તને રજા ન આપું તેમાં તારું હું નુકસાન જ કરું છું એ વાત મારી સમજમાં આવી ગઈ છે, કારણ કે તું પહેલો દરિયાલાલનો દીકરો છે, એટલે દરિયામાં ફરવું એ તારું પહેલું કામ છે. ત્યાં તને ખરો આનંદ આવે અને ત્યાં કામ કરીને તું બીજાઓનું પણ બહુ ભલું કરી શકે. એટલે કહું છું કે ખુશીથી જજે."

એ સાંભળીને જખુની આંખમાં પ્રેમનાં આંસુ આવી ગયાં. પછી શેઠાણીએ એને વાંસે હાથ ફેરવતાં ફેરવતાં કહ્યું, "પણ તું મારો ય દીકરો છે એ ભૂલજે મા. તારી આ બુઢ્ઢી માને યાદ કરતો રહેજે અને વગર જરૂરનાં તોફાનો કરીને તારા શરીરને નુકસાન ન કરજે. ભગવાન તને હેમખેમ રાખે."

આંખમાં પ્રેમનાં આંસુ લઈને જખુ ત્યાંથી ઊભો થઈ ગયો. એ જ વખતે એ હરખથી શેઠની દુકાને ગયો અને સમાચાર આપ્યા. શેઠ પણ રાજી થયા.

શેઠે એને બધું સમજાવ્યું કે મુસાફરીમાં શું શું કરવાનું છે. એમણે કહ્યું, "કયા કયા શહેરોમાં આપણા વેપારીઓ છે તેનું આ ટીપણ છે. એ બધે ઠેકાણે ફરવું, ત્યાંનું કામ જોવું,

કાંઈ નવો અને સારો માલ લેવા જેવો લાગે તો તારી પોતાની સમજણ પ્રમાણે લેવો, આપણો માલ એ જ પ્રમાણે વેચવો. યુરોપમાં ખાસ કરીને કાપડ, ઘઉં, રૂ, ગરમ મસાલા એવી ચીજોની જરૂર હોય છે તે ત્યાં બહુ થતી નથી એ તું જાણે છે, એટલે આપણે એવો જ માલ અહીંથી લઈ જવો. એ સિવાય ફરાય એટલે ઠેકાણે ફરવું. ક્યાં ય જોખમ જેવું લાગે તો તેમાં પડતાં ડરવું નહિ. અને એક ખાસ વાત—"

આમ કહીને જખુને શેઠે ખોવાયેલા ખારવાઓની વાત કરી, જખુની માને વિષે પણ કહ્યું, અને બધું કહી લીધા પછી કહ્યું, "વેપારની કે નફાની આપણને પરવા નથી. આ છેલ્લી વાત કહી તે જ પહેલી વાત સમજવાની છે. તારી મા અને ખોવાયેલા ખારવાઓની બરાબર શોધ કરવાની છે."

જખુએ એ વાત ગંભીરતાથી સાંભળી.

ખારવાઓમાં સમાચાર ફેલાયા જખુ ટંડેલ બનીને યુરોપ જાય છે એટલે કેટલા ય જુવાન ખારવાઓ એને મળવા આવ્યા. એ સૌને જખુ સાથે આવવું હતું.

છેલ્લે છેલ્લે જખુની ઇચ્છાથી શેઠે જખુની સાથે જવાને કરસન ટંડેલને પણ સમજાવ્યા અને ટંડેલે જવાનું કબૂલ્યું.

આ સૌ જુવાનિયાઓ અને કરસન ટંડેલ સાથે આગેવાન બની જખુએ યુરોપ ઊપડવાને એક મોટું વહાણ તૈયાર કરવા માંડયું. વહાણ તૈયાર થઈ ગયું. એ વહાણ અને તેની

સાથે બીજાં નાનાં વહાણો સાથે નક્કી કરેલે દિવસે જખુ સૌને સાથે બંદર ઉપર આવી ગયો. સાથે અંજુડો તો હોય જ.

એને વળાવવા માટે બંદર ઉપર માણસોની ઠઠ જામી હતી રોજે ય બંદર ઉપર ધમાલ તો ખૂબ હોય જ પણ આજે એ ધમાલ વિશેષ હતી. એક મોટા વહાણની આરાપાર બીજાં નાનાં વહાણો અને હોડીઓ જેમ વીંટળાઈ વળ્યાં હત તેવી રીતે જખુની આસપાસ જુવાન ખારવાઓ વીંટળાયા હતા વીસ હજાર મણ માલ વઈ શકે એવડું મોટું એ મોટું વહાણ હતું. ત્રણસો જેટલા ખારવા હતા. પૂર્વ હિમાલયનાં જંગલોમ થતાં કુમાશવાળાં લાકડાનાં સાત સાત પાટિયાંને રસાયણિ પદાર્થો વડે એકમેક જોડે જોડયાં હતાં. અને એક જ મજબૂ પાટિયું હોય તેવું એને બનાવ્યું હતું. એક મોટા ગામ જેવું એ વહાણ લાગતું હતું. 'દેવપુરી' એવું તો રૂપાળું એનું નામ હતું

લોકોના જયજયકાર વચ્ચે વહાણ ઊપડયું. એ વખતે કાંઠ પર વહાણ બનાવવાનાં જે કારખાનાં હતાં. તેમાંથી લુહારોન ભઠ્ઠીમાંથી અગ્નિની ઝાળો ઊઠતી હતી અને તણખાના તડત અવાજો થતા હતા તેનાથી આખું આકાશ અજવાળે ભરા જતું હતું. લોઢું ટીપવા લુહારોના મોટા હથોડા એરણ ઉપ પડતા હતા અને સુતારોની કરવતોના કરકર અવાજોથ જબરો કોલાહલ મચી જતો હતો.

ધીરે ધીરે ચાલતાં વહાણ ખાડીની બહાર નીકળી ગય અને ખુલ્લા દરિયાની છાતી ઉપર આનંદમાં ડોલતાં ચાલ્યાં.

૭

ચાંચિયાનો ભેટો

બે વર્ષ સુધી દેવપુરીએ પ્રવાસ ખેડયો. પ્રવાસમાં જમ્બુએ ખૂબ ધન મેળવ્યું. હવે સૌને ઘેર જવાની ઇચ્છા થતી હતી એટલે તેઓ પાછા ફરતા હતા.

વળતાં તેઓ આફ્રિકાની પશ્ચિમે આટલાંટિક મહાસાગરમાં અર્ધે તો આવી ગયા હતા. સૌ આશા રાખતા હતા કે હમણાં આફ્રિકાની આશા ભૂશિર (કેપ ઓફ ગુડ હોપ) આવી જશે, અને પછી તો હિંદુસ્તાનનો જ દરિયો ને ! પછી ઘર કયાં દૂર રહ્યું ?

ત્યાં એક દિવસ સવારે જમ્બુ પોતાની ઓરડીમાં બેઠો બારીમાંથી દૂરબીનની મદદથી દૂર દૂરનો કિનારો કેવો લાગે છે તે જોતો હતો ત્યાં તેને કંઈક શંકા જેવું જણાયું. સામેનો કિનારો ઊંચો હતો ત્યાં દરિયામાં કિનારે નાંગરીને વહાણ જેવું કંઈક ઊભેલું તેને દેખાયું. એકદમ તે ઓરડીની બહાર આવ્યો.

કરસન ટંડેલની ઓરડીમાં ગયો. "કાકા, જરા જુઓ તો, સામે શું દેખાય છે ?"

કરસન ટંડેલે દૂરબીન આંખે માંડયું. "વહાણ લાગે છે." "અને એક વહાણ જ નથી. મને તો તેની સાથે બાંધેલી હોડીઓ પણ દેખાય છે." જખુ બોલ્યો.

"હા, એવું લાગે છે ખરું." ટંડેલે કહ્યું.

"બોલો. તમે શું ધારો છો ?" જખુએ પૂછયું.

"હશે જંગલીનું વહાણ."

"હું ધારું છું કે જંગલીનું નહિ પણ ચાંચિયાઓનું વહાણ છે. જુઓ, વહાણમાં કાંઇ માલ નથી દેખાતો. અને ચાંચિયાઓ છે સ્પેનના. કાંઈક તોપો જેવું નથી દેખાતું ? હું તો અહીંથી પણ કહી શકું છું કે વહાણને લાગેલી હોડીઓ પણ નાસવાના કામમાં આવે તેવી જાતની છે."

જખુની વાતથી કરસન ટંડેલ નવાઈ પામ્યા. "તો હવે ? આપણે આટલાં બધાં વહાણો સાથે, આટલો ભાર લઈને જલદી નાસી શકીએ એવું તો લાગતું નથી."

"નાસવાની શી જરૂર છે ?" જખુ બોલ્યો. "આપણે આટલા બધા છીએ. એ લોકો તો થોડા જણ હશે."

"પણ એ લોકોને મોતની પરવા ન હોય, ઘરબા'રની ચિંતા ન હોય, ગુમાવવા જેવું કાંઈ ન હોય. એ લોકો તો

બેધડક રીતે આપણી ઉપર હુમલો કરી શકે. આપણાથી એવું કેમ થઈ શકે ?" ટંડેલ બોલ્યા.

"કેમ ન થઈ શકે ? ધારો કે દરિયામાં તોફાન આવ્યું હોય, બચી શકીએ નહિ, તો આપણા માલનું અને આપણા ઘ'રબા'રનું શું થાય ? આપણે ઝાઝા લોકો થોડાક લૂંટારાઓ સામે પણ હારી જઈએ છીએ તેનું કારણ એ કે આપણે ઘરબા'રની ચિંતામાં પડી જઈએ છીએ. પરિણામે તો આપણે વધારે જ નુકસાન સહન કરીએ છીએ. પણ એ ચિંતાને કોરે મૂકી દઈએ તો લૂંટારાઓને સહેલાઇથી નસાડી શકીએ. એમને પણ એમનાં સ્ત્રીબાળકો તો હશે જ અને એમને પણ પોતાના જીવની કાંઈક તો દરકાર હશે જ."

"તો હવે તું શું કરવાનું કહે છે ?" ટંડેલે પૂછ્યું.

"હું કહું છું કે આપણે સામનો કરવાની તૈયારી કરીએ. આપણા વહાણમાં રેતીના કોથળા છે, તો પ્રથમ તો રેતી પથરાવી દો, જેથી તોપના ગોળા આવે તો રેતીમાં પડીને બુઝાઈ જાય."

કરસન ટંડેલે માણસોને હુકમ કર્યો અને થોડી જ વારમાં રેતી બધે પથરાઈ ગઈ. પછી જખુએ કહ્યું, "હવે બચાવ કેમ કરવો તેની તો તમને ખબર હશે."

" હા, જો ને મોટા વહાણની ફરતાં નાનાં વહાણોનો કિલ્લો કરાવી દઈએ, કંઈ પણ નુકસાન થશે તો પ્રથમ નાનાંને જ થશે અને મોટાનું રક્ષણ વધારે થશે. "

" તમે એની વ્યવસ્થા કરાવો ને ! બીજું પણ કરવા જેવું લાગે તે કરાવો. લડાઈના વખતમાં તમે મુખી બની જાઓ. મુસાફરી તો આપણે ચાલુ જ રાખીએ. "

વહાણ ચાલતાં રહ્યાં. બપોર પડી ગયા, સાંજ થવા આવી, જખુ દૂરબીનમાંથી જોયા કરતો હતો, કિનારા પરનું પેલું વહાણ નાના બિંદુ જેવું હવે દેખાતું હતું પણ તે ત્યાંથી ખસતું તો નહોતું જ. જખુને વધુ શંકા ગઈ. એણે વિચાર કરવા માંડ્યો.

' વહાણ ચાંચિયાઓનું જ હોઉં જોઈએ, એમાં તો શંકા નથી, પણ—' એકાએક એને સૂઝી આવ્યું. ' એ લોકોએ રાતના અંધારાનો લાભ લેવાનું તો નહિ વિચાર્યું હોય ? રાત્રે છૂપી રીતે હુમલો નહિ કરે ? ' વળી એને બીજો વિચાર આવ્યો, બનવા જોગ છે કે ચાંચિયાઓ પાણીમાં પડ્યા હોય અને તરતા તરતા અહીં સુધી આવી વહાણની નીચે સુરંગ દાબી દે તો વહાણના ભુક્કા ઊડી જાય. ' આ વિચાર આવતાં તે ગંભીર થઈ ગયો અને બીજી બાબતો વિચારવા લાગ્યો. એને બીજી એક વાત યાદ આવી. ' અત્યારે પવન

સામો છે તેથી વહાણની ઝડપને પહોંચી શક્યા નહિ હોય, પણ રાત્રે પવન ફરશે એટલે પહોંચી શકશે. એ લોકોને વચ્ચેથી આંટવા જોઈએ. આપણે પણ અહીંથી દરિયામાં પડીને સામે જવું જોઈએ. દરિયામાં પડવાનો વિચાર આવ્યો એટલે તેની સાથે બીજો વિચાર એ આવ્યો કે ચાંચિયાના વહાણ પાસે પોતે શા માટે પહોંચીને ચાંચિયાના વહાણને ભાંગી ન નાખવું ? અને તે વહાણ ઉપરના ચાંચિયાઓ સાથે ત્યાં જ હાથોહાથની લડાઈ કેમ ન જમાવવી ? ”

આ વિચાર ચાલતાં તે કરસન ટંડેલ પાસે ગયો “કાકા, આપણે થોડા જણ અહીંથી ચાંચિયાઓ પાસે તરતા જઈને તેમની સાથે હાથોહાથની લડાઈ કરીએ તો ? તો એ લોકો ગભરાશે અને નાસી છૂટશે અને આપણે સહેલાઈથી બચી જઈશું. ”

“હા, તો એમાં કંઇ વાંધો નથી જણાતો. આપણે તો ઘણા જણ છીએ. આ ચાંચિયાઓ ભાગે એટલે આપણા માણસને લઈ આવવા હોડીઓ મોકલી શકીએ. તેટલી વાર વહાણને દૂરને કિનારે નાંગરીને ઊભું રાખીએ ” ટંડેલે કહ્યું.

“ મને એક બીજી વાત પણ લાગે છે. ચાંચિયાઓ પાણીમાં તરતા તરતા આપણા વહાણની નીચે આવીને

વહાણને સુરંગ લગાવી દે અને વહાણના ભુક્કા કરી નાખે તે બનવા જોગ છે. ”

“ હા, ચાંચિયાઓ ઘણી વખત એમજ કરતા હોય છે. એથી વહાણના લોકો ગભરાઈ જાય છે અથવા કેદ પકડાઈ જાય છે અને ચાંચિયાઓ આખું વહાણ કબજે કરી લે છે. પણ એનો વિચાર મને પહેલેથી આવી ગયો છે, એની ગોઠવણ મેં કરી રાખી છે. જો વહાણની નીચે મેં ઊંડે સુધી ભાલાં ઉતારી દીધાં છે. એ લોકો વહાણની નીચે પેસવા જાય તો ભાલાં લાગે. ધારો કે ભાલાં દેખાઈ જાય અને પાણીમાં બહુ ઊંડા ઊતરે તો પણ એમને માટે જોખમ છે. એ લોકો ફાવી શકે તો તોપથી લડવામાં જ કદાચ ફાવી શકે. આમ તો નહિ જ ફાવે. એટલે એની ચિંતા નથી. ”

“ મને એક બીજી વાત સૂઝી છે. મારી સાથે અંજુડાને કુરિયાને અને એવા બીજા બે ચાર જણાને લઈને હું સામે જાઉં. ” જખુ બોલ્યો.

ત્યાં અચાનક ત્રાંસી દિશાએથી પવનની એક લહેર પસાર થઈ દૂર જમીન તરફ જઈને ઘૂમરી વળી ઊંચે ચડી ગઈ. જખુએ એ જોયું. એ કાંઈક બોલવા જાય ત્યાં પોતાની પિપુડી લઇને કરસન ટંડેલ બહાર દોડયા અને પિપુડી ફૂંકી, પિપુડીમાંથી ભયનો અવાજ નીકળ્યો. બધા ખારવાઓ ખબરદાર બને તો ત્યાં તો સામી દિશામાંથી રાક્ષસની પેઠે ધસ્યો

આવતો પવન દેખાયો. સઢમાં ફફડાટ વધ્યો. જખુ દોડયો આવ્યો અને ટંડેલ કંઈ હુકમ કરે તે પહેલાં દૂરથી છલાંગ મારી મોટા સઢના ખૂવા ઉપર ઠેકી ગયો. ત્યાં તો પવન આવી પહોંચ્યો. ટંડેલનો હુકમ છૂટયો. પવનના ગર્જનમાં જખુએ એ સાંભળ્યો નહિ. એની છાતી ઉપર પવન ભિડાતો હતો પણ એ તો શરીરને ત્રાંસું રાખી થાંભલા ઉપર ફેંકયો ગયો. પવન પહોંચ્યો, વહાણ એકદમ એક બાજુ નમીને ડોલી ઊઠયું, ખૂવો એક બાજુ થઈ ગયો, એક કડાકો બોલ્યો પણ ત્યાં તો જખુ ટોચે પહોંચી ગયો અને દોરી ખેંચી. પથરાયેલ કાપડ, બાળક દોડતું આવીને માને ફરતા હાથ વીંટાળી દે તેમ, થાંભલાને વીંટળાઈ ગયું. વહાણ બીજી વાર ન ડોલ્યું. જખુએ આનંદથી એક નજર દૂર કિનારા તરફ નાખી અને પછી સડસડાટ નીચે ઊતરી ગયો. નાનાં વહાણોના સઢ હજી બંધ થયા નહોતા, છતાં તે મોટા વહાણની ઓથે હતાં એટલે એમને બહુ મુશ્કેલી ન પડી. એમના સઢ પણ બંધ કરવાને હવે તો ખારવાઓ ખૂવા ઉપર ચડયા હતા.

જખુ નીચે આવ્યો એટલે કરસન ટંડેલે એનો વાંસો થાબડયો, "આજ તેં જ બચાવ્યા એમ કહેવાય. જો એક જ પળ બીજી વીતી હોત તો વહાણ એકદમ પાણીમાં ઊંધું વળી જાત."

જખુએ એ તરફ ધ્યાન ન આપતાં એકદમ કહ્યું, "હવે

મને માણસો આપો, અમે ચાંચિયાઓ સામે જઈએ. મેં ઉપરથી કંઈક જોયું, ચાંચિયાઓનું વહાણ કિનારે કિનારે ચાલે છે. એ લોકો આપણને આગળ ઉપર આંતરશે." કરસન ટંડેલે તરત અંજુડાને અને કુરિયાને જખુ સાથે જવાનું કહ્યું. સાથે સારા તરનારા દસબાર જણ બીજાને પણ જવાનો હુકમ કર્યો. સૌ હળવેકથી પાણીની અંદર કૂદી પડ્યા અને હાથના મોટા મોટા શેલારા દેવા લાગ્યા. એમની પાછળ પવન જોરથી ફુંકાતો હતો એટલે પાણીમાં મોટાં મોજાં આવતાં હતાં. તેઓ મોજાં ઉપર સવાર થતા થતા આગળ ચાલ્યા. સૌ દૂરબીનમાંથી અવારનવાર નજર નાખતા હતા.

પણ સાંજ પડી ગઈ હતી. અંધારું થયું હતું. બહુ કંઈ દેખાતું નહોતું, પણ તારાઓ જોઈ જોઈને દિશાને ઓળખતા તેઓ આગળ જઈ રહ્યા હતા. જખુએ થાંભલા ઉપરથી જોયું કે વહાણ કેવી ગતિએ ચાલે છે. એ ગતિનો અને પોતાના તરવાની ગતિનો અને દિશાનો મેળ કરી લઈને તે આગળ રહી સૌને દોરતો હતો. પાણીમાં ને પાણીમાં એમની સવાર પડી.

સૂરજનું અજવાળું થતાં એમણે પોતાની સામેની બાજુએ જોયું. એક વહાણ આગળ ચાલ્યું જતું હતું.

"આપણે જરા આડા ફંટાયા, નહિ તો અત્યારે આપણે વહાણને પહોંચી ગયા હોત, પણ એ એક રીતે સારું થયું.

હવે આપણે પાછળ છીએ એટલે ચાંચિયાઓ આપણને જોઈ શકશે નહિ અને આપણે આપણું કામ સરસ કરી શકશું." જખુ બોલ્યો અને પછી તેણે તરવાની દિશા બદલી.

દિવસના મધ્યાહ્ન થયા. અઢાર કલાકથી તેઓ પાણીમાં ને પાણીમાં હતા, જોશથી તરતા પણ હતા, રાતની ઠંડી અને બપોરનો તાપ બંને પાણીમાં સહન કર્યા. શરીર અકળાઈ ગયાં પણ થાક લેવાનો વિચાર કર્યે પાલવે તેમ નહોતું.

"આપણે કિનારાને પકડી લઈને કિનારા ઉપર દોડીએ તો જલદી કામ થાય." તભો બોલ્યો.

"હા, એ પણ ખોટું નથી. ચાલો કિનારા તરફ."

'હાશ, તરવામાંથી થોડો આરામ મળશે' એવી આશા મળતાં બીજા ખારવાઓને આનંદ થયો. સૌમાં તરવાની નવી ઝડપ આવી ગઈ. કલાકમાં તો કિનારાને આંબી લીધો. કિનારો ઘણો ઊંચો હતો, ચડવાનું મુશ્કેલ હતું પણ જેમ તેમ કરીને ચડી ગયા. બેચાર મિનિટ થાક ખાવા લાંબા પડ્યા.

"ભૂખ લાગી." એક જણ બોલ્યો.

"પણ ખાવાનું ક્યાં છે?" બીજો બોલ્યો.

"વખત ક્યાં છે તે કહો ને!" ત્રીજો બોલ્યો.

જખુને એમની આ વાતો ગમી નહિ. પણ એને લાગ્યું કે આ લોકોને ખાવાનું મળે તો સારું. એણે આડુંઅવળું જોયું. આ

ઝાડો છે. કંઈક ફળો હશે. જો પાંચ મિનિટમાં વીણી લઈને દોડવાને તૈયાર હો તો વીણી લાવવાની રજા આપું."

"જરૂર વીણી લાવીએ." બેચાર જણા બોલ્યા.

"તો જાઓ." જખુએ કહ્યું. સૌ ઊઠ્યા. જખુ બેસી રહ્યો. પાંચ મિનિટમાં સૌ હાજર થઈ ગયા. સૌની પાસે કેળાં–નારંગી જેવાં ફળો હતાં. પછી જખુએ દોડવાનો હુકમ કર્યો. સૌ દોડતા ગયા અને ખાતા ગયા.

ખરેખર દોડવામાં તેમને વધુ ફાવતું જણાયું. પવન બિલકુલ પડી ગયો હતો એટલે વહાણની ગતિ ધીમી પડી ગઈ હતી, અને તેમની ગતિ તો વધી હતી. બે કલાકમાં તેઓ ઘણા નજીક આવી ગયા.

જખુએ દૂરબીનમાંથી જોયું. ચાંચિયાઓનું તેમની તરફ ધ્યાન હોય તેમ ન લાગ્યું. વહાણની સીધી લીટીમાં તેઓ આવી ગયા એટલે પાછા પાણીમાં કૂદી પડ્યા.

"હવે તરતાં તરતાં અવાજ ન થવો જોઈએ અને જેમ બને તેમ પાણીની નીચે જ તર્યા કરવાનું." જખુએ સૌને હુકમ કર્યો.

ચાંચિયાઓએ ધાર્યું જ નહોતું કે વેપારી વહાણ સામનો કરે. સામે તરીને કોઈ આવશે એ તો એમણે ક્યાંથી જ ધાર્યું હોય? તેમનું પાછલી બાજુ તો ધ્યાન પણ નહોતું. જખુએ જોયું કે બે તોપો નિશાન માટે ફેરવાય છે. એને ખબર પડી ગઈ કે હજી આ લોકો હવે જ નિશાન માંડે છે.

અત્યાર સુધી કંઈ થયું હોય એમ લાગતું નથી. એણે ઇશારાથી બધાને એકદમ વહાણ ઉપર ચડીને પ્રથમ તો તોપ ફોડનારા તોપચીઓ ઉપર જ હલ્લો કરવાનું કહ્યું.

વહાણની નીચેથી ડૂબકી મારી થોડા વહાણની બીજી બાજુ ગયા અને થોડા એક બાજુ ઉપર રહ્યા, અને પછી અગાઉથી નક્કી કર્યા પ્રમાણે જખુએ વહાણના કાંઠાને પહેલો હાથ લગાવ્યો. વહાણ નીચું નમાવ્યું કે તેની બાજુના બધા એકી સાથે એકદમ ઉપર ઠેકી ગયા. ચાંચિયાઓ વહાણને લાગેલા એકાએકના આ હડદોલાથી ચમક્યા. તેમણે પાછળ જોયું ત્યાં તો જખુ અને તેની પાછળ બીજા ખુલ્લી તરવારો લઈને સામે ધસ્યા. તોપો તોપોને ઠેકાણે રહી ગઈ અને બધા જ ગભરાઈને એમની તરફ દોડ્યા. ત્યાં એમની વધુ અજાયબી વચ્ચે વહાણ બીજી તરફ નમ્યું. જખુના માણસોને તો ખબર હતી કે બીજી બાજુ ગયેલા તેના માણસો ત્યાંથી ઉપર ચડતા હતા, એટલે તેઓ ચમક્યા વિના સ્થિર ઊભા રહ્યા અને ચાંચિયાઓ એકદમ ધક્કો ખાઈને નીચે પછડાયા. એમની ઉપર જખુના માણસો એક સામટા તૂટી પડ્યા.

ચાંચિયાઓને હથિયારો કાઢવાનો પણ વખત નહોતો મળ્યો. ઘણા ઊભા થવા ગયા તો જખુના માણસોની તરવારો નીચે કપાઈ ગયા. જખુએ હુકમ કર્યો, “ હલ્યા ચલ્યા વિના સૂઈ રહો. સૂઈ રહેશો તો કંઈ નહિ કરીએ.” બધા સૂઈ રહ્યા.

ચાંચિયાઓ સાત આઠ જણા જ હતા. જખુના માણસોની સંખ્યા તેમના કરતાં બમણી હતી. એટલે થોડાક જણ ખુલ્લી તરવારો લઈને ઊભા રહ્યા અને થોડાક જણે વહાણમાંનું દોરડું લઈ બધાને એક સાથે બાંધી લીધા. અને પછી તેમને ભંડકિયામાં નાખી વહાણને કિનારે હંકારી આવ્યા.

*

બીજે દિવસે સવારે તેમની પાસે એક નાનું વહાણ હતું. એ વહાણ કરસન ટંડેલે જ મોકલ્યું હતું. કરસન ટંડેલ જ એની સાથે હતા.

આવતાંવેંત ટંડેલે જખુને છાતીએ દાબી દીધો ને કહ્યું:

"સરસ કામ કર્યું. આપણા વહાણ ઉપર પણ આમ જ બન્યું. આપણે તો ચેતી ગયેલા હતા. માણસોની ચોકી મૂકી દીધી હતી. વહેલી સવારે બધા ઊંઘતા હશે એમ ધારીને એ લોકોના માણસો આપણા વહાણ ઉપર ચડવા આવ્યા પણ એમની ગણતરી ખોટી પડી. ત્યાં આપણા ત્રણસો માણસ સામે એ લોકો પચીસ જણ આવ્યા અને અહીં આપણા પંદર જણ સામે આવ્યા ત્યાં એમના પાંચ જણ રહ્યા. એમના મનમાં એમ કે ગોળા છોડવામાં તો બે જણનું જ કામ એટલે અહીં ઓછા જણ રાખ્યા, પણ આપણે જુદી જ યુકિત કરી તેથી બિચારા ફાવી ન શકયા."

જખુ અને ટંડેલ બંને આંટા મારતા મારતા વાત કરતા હતા. જખુએ પૂછ્યું :

“ વહાણ ઉપર કાંઈ ગોળા પડ્યા હતા ? ”

“ કુલ ત્રણ ગોળા છોડયા હશે. એમાંથી પહેલો પાણીમાં પડયો, એક ગોળો એક નાના વહાણના ખૂવાને લાગ્યો, ખૂવો તૂટયો, વધુ કાંઈ નુકસાન ન થયું; પણ ત્રીજો રેતીમાં પડયો એટલે નકામો ગયો. પછી ચોથો ગોળો આવ્યો નહિ.” ટંડેલે કહ્યું.

“ ત્યારે તો અમે બરાબર વખતસર આ લોકોના વહાણ ઉપર પહોંચી આવ્યા.” એમ કહીને જખુએ પોતે કેમ આગળ વધ્યા હતા તેની વાત કરી.

“ બે દિવસના ભૂખ્યા છો ને ?” ટંડેલે કહ્યું.

“ મને તો ખાવાનું યાદ પણ નથી આવ્યું. બીજાઓએ જંગલનાં ફળો વીણી લીધાં હતાં અને કાલે સાંજે તો ચાંચિયાઓનું કાંઈક ખાવાનું હતું તે ખાધું હતું.” જખુએ કહ્યું, “ પણ પહેલાં એ તો વાત કરો કે આપણા વહાણ ઉપર લડાઈ કેવી થઈ હતી ? ”

“ ચાંચિયાઓ સામેથી તરીને આપણા વહાણ ઉપર ચડી આવીને આપણા ઉપર હલ્લો કરવા માગતા હતા. એ

લોકો દરેક વખતે એમ જ કરે છે. વેપારીનાં વહાણો જાનમાલ બચાવવાની ચિંતામાં તો હોય જ, અને તેમાં ઓચિંતો હલ્લો આવે એટલે સાવ ગભરાઈ જાય અને ચાંચિયાઓને હાથે વગર મોતે મરાઈ જાય. એમ સામાન્ય રીતે ચાંચિયાઓ વિના મહેનતે ફાવી જતા હોય છે, એટલે એવી ગણતરી કરીને તેઓએ આપણી ઉપર હલ્લો કરવાનું ધાર્યું હતું; પણ આપણે તો બરોબર ચેતીને સામનો કરવાની તૈયારી રાખી એટલે પહેલા પાંચ જણાએ વહાણના કાંઠા ઉપર હાથ મૂક્યા કે તેમના હાથ તલવારથી કાપી નાખવામાં આવ્યા, ત્યાં તો બીજી તરફથી બીજા પાંચ ઠેકીને વહાણ ઉપર ચડયા. પણ આપણે તો બધી બાજુથી તૈયાર હતા એટલે તેઓ હજી હથિયાર ઉગામે ત્યાં જ આપને એમણે નીચે પાડી નાખીને દોરડેથી સખત બાંધી લીધા. બીજાઓએ આ જોયું એટલે તેઓ પાણીમાં ડૂબકી મારીને વહાણની નીચે ગાબડું પાડવા દોડયા, પણ ત્યાં તો વહાણ નીચેનાં ભાલાંની અણી નીચે કેટલાક ભોંકાઈ ગયા. એ જોઈને બધા નાઠા. એ લોકો કયાં ગયા તેની ખબર ન પડી. આમ આપણી પાસે પાંચ જણ કેદ પડયા છે. ચાલ, હવે તો ખાવાની વાત કરવી છે ને ?"

"કેદી—ચાંચિયાઓને પણ ખાવા આપીએ. એ લોકો પણ ભૂખ્યા થયા હશે." જખુ બોલ્યો.

"હા, એ વાત બરાબર છે. આપણા કેદીઓ પણ આપણા

મહેમાન કહેવાય. મહેમાનની સરભરા પહેલાં કરવી જોઈએ. એમને આપણે પૂછી જોઈએ કે એમને શું ખાવાનું પસંદ પડશે? આપણે રસોઈ તૈયાર કરી દઈએ કે તેઓ પોતાને હાથે રાંધશે?" ટંડેલે કહ્યું.

"હા, ચાલો પૂછીએ. પણ સ્પેનીશ ચાંચિયાઓ હોય છે અજબ. તેઓ બંધાયેલા હોય તોપણ તેમનાથી ચેતવું જોઈએ. જમૈયા ખુલ્લા રાખીને જ નજીક જવું." જખુ બોલ્યો.

•

અચાનક મેળાપ

પછી જખુ અને ટંડેલ વાતો કરતા કરતા કેદીઓ પાસે આવ્યા. એમને નજીક આવેલા જોઈને એક અતિ વૃદ્ધ કેદી બંધાયેલો હતો છતાં જોર કરીને એકદમ ઊભો થઈ ગયો. જખુ અને ટંડેલને લાગ્યું કે તે એમને મારવા આવે છે, એટલે તેઓ બે ડગલાં પાછળ હઠી ગયા અને ખુલ્લા જમૈયાની ચકચકતી ધાર એની સામે કરી. પણ પછી એમણે કેદીની સામે જોયું તો તેની આંખ આંસુથી ભરેલી હતી.

"કેમ રડો છો ? કંઈ કહેવું છે ?" ટંડેલે ઇશારાથી પૂછ્યું.

પહેલાં તો ઘણી વાર સુધી કેદી શાંત ન થઈ શકયો. પણ પછી રડવાથી એનું હૈયું હળવું થઈ ગયું એટલે બોલ્યો, "તમે મારા ભાઈઓ છો, આજે પચ્ચીસ વર્ષે હું મારા ભાઈઓને જોઉં છું તેથી આનંદથી મારી આંખોમાં આંસુ આવી ગયાં. હું તમને ભેટવા માટે ઊભો થયો હતો, આખી રાત

મેં તમારા બધાની વાતો સાંભળ્યા કરી તેથી મને લાગ્યું કે તમે સુરતના છો. હું પણ સુરતનો છું." કેદી બોલ્યો.

"તમે સુરતના છો? પચ્ચીસ વર્ષથી તમે સુરતના કોઈ માણસને જોયેલ નથી? તમારું નામ શું?" ટંડેલે ખૂબ આશ્ચર્ય પામીને પૂછ્યું.

"મારું નામ પમો. રામજી શેઠનો ખારવો હતો હું."

"પમો? ત્યારે તો તમે–તમે ટપુડીની ખાંચમાં ફસાયેલા તે જ કે? તમે અહીં કેવી રીતે?" કરસન ટંડેલને વધુ ને વધુ આશ્ચર્ય થતું હતું.

"હા, હું એ જ. અમારી વાત હું કહું." પમો બોલ્યો.

ટંડેલે એકદમ માણસોને બોલાવ્યા અને કેદીને છૂટો કરવા કહ્યું. એ હુકમ સાંભળી પમો બોલ્યો, "આમાં પેલો બીજો ડોસો છે તેનું નામ ખેતાજી. એ પણ મારી સાથેનો જ છે. તમારી સામે તરીને આવનારાઓમાં પણ બે જણા સુરતના હતા. પણ તમે સુરતના હોય તેને જ છોડો એ એમને કબૂલ નથી. તમે જો એકને છોડો તો આ વહાણમાં જેટલા હોય તે બધાને જ છોડવા પડશે."

"એમ કેમ?" કરસન ટંડેલે પૂછ્યું.

"બીજાઓ સ્પેનીજ છે, પણ અમે બધા આજે વીસ વર્ષથી સાથે ને સાથે રહીએ છીએ એટલે અમે બધા ભાઈઓ છીએ.

તમે બધાને છોડો, કોઈ કાંઈ તોફાન નહિ કરે એની હું ખાતરી આપું છું."

ટંડેલે બધાને છોડવાનો હુકમ આપ્યો. પછી સૌ સાથે બેસીને આનંદથી જમ્યા. ટંડેલે પમાને પૂછ્યું, "તમારે માટે તો રામજી શેઠે ખૂબ ખૂબ શોધ કરી. જખુ પણ એટલા માટે આ મુસાફરીએ આવ્યો છે અને આ મુસાફરી પૂરી કર્યા પછી તમારી શોધ માટેજ ફરવા નીકળવાનો હતો. રામજી શેઠને તમારી ભાળ મળ્યા વિના જંપ વળે તેમ નથી. તમે ક્યાં હતા ? અને અહીં ચાર જ જણા કેમ છો ? બીજા ક્યાં ?"

"બીજા?" બીજા તો...."પમાથી બોલી શકાયું નહિ. પણ ટંડેલ સમજી ગયા કે બીજા મૃત્યુ પામ્યા છે. થોડી વાર અટકીને પમો બોલ્યો, "પણ તમે ખરેખર કહો છો કે રામજી શેઠને અમારી બહુ ચિંતા થાય છે?"

"એમને તમારી જેટલી ચિંતા થાય છે તેટલી પોતાના જીવની કે બીજી કોઈ બાબતની નથી થતી એ વાત હું ખાતરીથી કહું છું."

આ સાંભળીને પમો ગંભીર વિચારમાં પડી ગયો. એના મોં ઉપર તેણે કોઈ ભારે અપરાધ કર્યો હોય તેવો ભાવ પણ આવી ગયો. પછી એણે કહ્યું, "ત્યારે આજ સુધી અમે ઊંધું જ માન્યું. અમને એમ લાગ્યું હતું કે રામજીશેઠ માટે અમે જીવનાં જોખમ ખેડયાં પણ એ તો શાંતિથી પોતાના ઘરમાં જ બેસી

રહ્યા. અમને બચાવીને લઈ જવાને કંઈ સાધન પણ ન મોકલ્યું એટલે એમની ઉપર અને આપણા બધા દેશી ભાઈઓ ઉપર અમને બહુ ગુસ્સો ચડયો. એ ગુસ્સો ઉતારવા માટે અમે જે કોઈ દેશી વહાણ જોતા તેના ઉપર હલ્લો કરતા. બે ત્રણ વાર તો અમે હલ્લો કરીને બધા દેશી ભાઈઓને મારી નાખ્યા, એમને બોલવાનો પણ વખત ન મળવા દીધો."

"ઓહ, હવે જ સમજાયું કે રામજી શેઠે દલિયાને, વૂળિયાને અને બીજા ઘણાને શોધવા મોકલ્યા તેઓ સુરત પાછા કેમ ન ફર્યા. પણ તમે હતા કયાં ? તમે કયાં છો એની ખબર મળ્યા વિના તમારી તપાસ કયાં કરવી ?" ટંડેલે કહ્યું.

પમો બોલવા જતો હતો ત્યાં જખુ વચ્ચે બોલ્યો, "તમારી વાત છેક પહેલેથી જ કરો."

પમાએ પહેલેથી વાત શરૂ કરી.

"આજથી પચીસ વર્ષ પહેલાંની વાત છે. સુરત બંદરથી અમે યુરોપના પ્રવાસે નીકળ્યા. ખૂબ ધન કમાઈને અમે પાછા વળતા હતા. આ આટલાંટિકમાં આરસ ઉપર સોપારી દડે તેમ વહાણો વહ્યાં જતાં હતાં. પણ પેલી ટપુડીની ખાંચ આવી ત્યાં એક મોટું મોજું ભડીંગ અવાજે વહાણ સાથે અથડાયું. વહાણોનાં પાટિયાંની કડેડાટી બોલી. એ અવાજની પાછળ જ બીજાં મોજાં આવ્યાં. ભારે તોફાન મચ્યું. મોટાં મોટાં મોજાં ઊછળવા લાગ્યાં. એક ઊંચું મોજું આવે, વહાણ જાણે ઊંચા

પર્વત પર ઊડીને ચડયું હોય તેમ ચડી જાય અને તરત પાછું મોજું ઊતરી જાય એટલે ઊંડી ખીણમાં ઊતરી પડતું હોય તેમ તે નીચે ઊતરે અને તરત, જેમ હીંચકો ચડે તેમ, પાછું ઊંચે ચડે. અમારાં તો પેટનાં પાણી હલબલી ગયાં. એવું તોફાન જિંદગીમાં ક્યારે ય જોયેલું નહિ. આપણને ખારવાઓને દરિયાના કદી મોળ ચડે? પણ અમને મોળ ચડવા લાગ્યા. અમે મોજાંઓ સામે જોતા હતા, નાગની ફેણ જેવાં ઊંચાં થઈને આગના ભડકા સામા આવતા હોય તેમ એક પાછળ એક એમ મોજાં દોડ્યાં આવતાં હતાં. અમારા હોશ ઊડી ગયા, પણ પ્રભુની કૃપા કે ટપુડીની ખાંચ નજીક હતી. ચારે બાજુ ટેકરીઓ અને વચ્ચે ઊંડું પાણી. મોટાં વીસ પચીસ વહાણો અંદર શાંતિથી રહી શકે. એક બાજુથી બે ટેકરીની વચ્ચે ઠીક ઠીક મોટો એક ગાળો, તેમાંથી અમે વહાણોને એક પછી એક એમ અંદર ગરકાવી દીધાં.

પણ અંદર જતાં ઊલમાંથી નીકળી ચૂલમાં પડ્યા જેવું થયું. અંદર તો પાણી ખદબદે, જાણે ઊકળતો લાવારસ. અમને જણાઈ ગયું કે આ તોફાન ખાંચની અંદર જ્વાળામુખી ફાટ્યો તેને લીધે થયું છે. અહીં અંદર બફારો એવો હતો કે અમને લાગ્યું કે આમાં અર્ધો કલાક રહીએ તો હાડકાં ગળી જ જાય અને અમારા શ્વાસ ઊડી જાય. શું કરવું એની સૂઝ ઘડીક તો ન પડી. પણ આખરે અમે નક્કી કર્યું કે ખાંચની બહાર ગમે

તેવાં મોટાં મોજાં હશે તોપણ તેની ઉપર તરી શકાશે. ખાંચની અંદર તો અર્ધો કલાક પણ નહિ જિવાય. ખાંચની બહાર જીવવાની વધુ આશા એટલે અમે સૌ એક એક પાટિયું લઈ વહાણો ઠેકતા ઠેકતા ખાંચની બહાર નીકળી ગયા. અને અમને બચાવવા કોઈ આવે તે માટે એક કાગળ લખીને બાટલીમાં બંધ કરી બાટલી દરિયામાં તરતી મૂકી દીધી. એ બાટલી અથવા બાટલીમાં લખેલી ખબર ક્યારેક તો સુરત પહોંચશે અને અમને શોધવા માણસો નીકળશે એટલે ઘેર જઈ શકીશું એવી આશા રાખી હતી.

બહાર પણ મોજાંઓ તો એવાં ને એવાં ઊછળતાં હતાં. વિશેષમાં પાણી પણ કંઈક ચટપટતું હતું. પણ અમે તો પાટિયાંઓ પર ઊંધું ઘાલીને પડ્યા રહ્યા. ઈશ્વર જ્યાં ફેંકે ત્યાં જ ફેંકાવા સિવાય કોઈ ઉપાય નહોતો. અમે એટલું ધ્યાન રાખતા હતા કે અમે કોઈ છુટ્ટા ન પડી જઈએ. રાત આખી તોફાન ચાલ્યું. સવારે સૂર્ય પૂરો તપવો શરૂ થયો ત્યારે જ શાંતિ થઈ.

તોફાન ગયું. અમે હોશમાં આવ્યા. ઊંચું જોયું. અમે આઠ જ જણ રહ્યા હતા. સૂર્ય ઉપરથી અમે જોયું કે અમે ઉત્તર તરફ ઘસડાયા હતા. ઉત્તર તરફ ગીની પ્રદેશનો કિનારો તો આવતો હતો, પણ જો એ દિશામાં સહેજ વાયવ્ય તરફ વળી જવાય તો અફાટ આટલાંટિકમાં ખેંચાઈએ કે જ્યાંથી પાછો

કિનારો જ હાથ નલાગે. કંઈ પણ ખાધા પીધા વિના દિવસો સુધી એમ પાણીમાં રહેવું એ જીવ ગુમાવવા જેવું હતું, એટલે અમે પૂર્વ તરફ તરીને આગળ વધવાનું નક્કી કર્યું. પૂર્વ તરફ આફ્રિકાનો કોઈક ને કોઈક કિનારો તો જરૂર આવે તેમ હતો. એ રીતે અમે ચાર દિવસે આફ્રિકાને કિનારે આવ્યા. ત્યાંથી થોડે દૂર નાઈઝર નદી દરિયામાં સમાતી હતી.

આ પ્રદેશમાં બીક લાગે તેવું બહુ હતું. પણ અમે તો ઝાડોની ઘટાઓ વચ્ચે જમીનમાં ઊંડા ખાડા બનાવીને રહ્યા, જેથી જંગલી માણસો કે પશુઓ અમારી ભાળ ન કાઢી શકે. અમને દરિયાની એટલી બધી બીક લાગી હતી કે અમે કાંઠા ઉપર આવતા જ નહોતા. એક દોઢ વર્ષ સુધી અમે અમારા રહેવાના ખાડાની આસપાસના જંગલમાં જ ફરતા રહ્યા, કયારેક દૂરથી કાંઠા ઉપર નજર નાખતા. અમે રોજ આશા સેવતા કે 'આજે તો સુરતનું કોઈક વહાણ દેખાશે, કાલે તો દેખાવું જ જોઈએ, હજી સમાચાર પહોંચ્યા નહિ હોય, સમાચાર પહોંચશે એટલે બે ત્રણ મહિનામાં ચોક્કસ વહાણ આવશે અને આપણે વહાણમાં બેસીને ઘેર પહોંચી જઈશું.' પણ અમારી આશા ફળી નહિ.

પછી તો અમે કંટાળ્યા. અમને થયું કે એક વાર ટપુડીની ખાંચે જોઈ આવીએ, જો ત્યાં આપણાં વહાણો ભાંગેલાં કે સાજાં હશે, એનું એકાદ પણ પાટિયું હશે તો સમજી જશું

કે સુરત હજી ખબર નથી પહોંચ્યા. અમારી પાસે કાંઈ હથિયાર હતાં નહિ કે નાનું પણ વહાણ હાથે બનાવી શકીએ. આખરે ઝાડનું એક પોલું થડ મળ્યું તેમાં બે જણ બેઠા. એમાં એક હું પોતે હતો. મુશ્કેલીથી ટપુડીની ખાંચે અમે આવ્યા. જોયું કે વહાણો નહોતાં, વહાણની કાંઈ નિશાની પણ નહોતી. એટલે અમને ખાતરી થઈ કે વહાણો લેવા માટે માણસો આવ્યા હતા. લૂંટારા અથવા કોઈ બીજા આવ્યા હોત તો તેમનાથી કાંઈક તો અહીં પાછળ મૂકી જ જવાત, અંદર લાવારસનું તોફાન જામ્યું હતું તેને લીધે વહાણો નાશ પામ્યાં હોત તોપણ કેટલીક વસ્તુઓ તો ટેકરીઓ ઉપર નાશ પામ્યા વિના રહી જ હોત, એટલે અમે ખાતરીથી માન્યું કે રામજી શેઠે જ માણસો મોકલ્યા હોવા જોઈએ અને વહાણ મેળવ્યાં હોવાં જોઈએ અને એમણે અમારી શોધની પરવા જ ન કરી હોય. પછી અમને એમની ઉપર રોષ આવ્યો. અમે બધા ભાઈઓ પાસે આવ્યા, વાત કરી, બધાને રોષ આવ્યો.

અમારી પાસે કાંઈ સાધન નહોતું એટલે અમારે અમારા ખાડામાં જ પડ્યા રહેવું પડ્યું. પણ ખાડાથી અમે કંટાળ્યા. વળી અમને બીક લાગી કે હવે ઝાઝો વખત જંગલીઓથી બચી નહિ શકાય. એમાં અમારી સાથે ફતુડો હતો તેને એક દિવસ તાવ આવ્યો, બીજે દિવસે તે મરી ગયો. બે દિવસ પછી પોલિયાને તાવ આવ્યો. એ પણ એક જ દિવસના તાવમાં મરી

ગયો. એટલે અમને બીક લાગી. ગીની પ્રદેશની હવા તો એવી હોયજ છે કે એમાં માણસો મરવા માંડે ત્યારે ચોમાસાની માખીઓની પેઠે મરે છે. ત્યાં એવી જાતની માખીઓ પણ થાય છે કે જે માણસને માખિયો-તાવ લાવે છે અને મારી નાખે છે. આઠ ભેરુબંધમાંથી બે ગયા એટલેય આ સ્થળ ઉપરથી અમારું મન તો ઊઠી જ ગયું, અને વળી બીક લાગી કે બીજા પણ એમ ટપ ટપ પડવા માંડશું. એટલે અમે પોલિયાની લાશને ઠેકાણે કરી તે જ દિવસે આખો દિવસ રખડીને પણ ત્રણ ઝાડનાં પોલાં થડ અને હલેસાં તરીકે કામ લાગે તેવી લાકડીઓ શોધી કાઢી દરિયામાં ઝુકાવ્યું. ખાવાનું સાથે લીધું, પણ ઝાઝું લેવાય તેમ નહોતું.

અમારી આ હોડીઓમાં થોડાક ખોરાક સાથે અમે અહીં તહીં આથડીને આઠેક દિવસ કાઢ્યા. ખાવાનું ખલાસ થયું. મીઠું પાણી ક્યાંય મળે નહિ. અમે જીવવાથી કંટાળ્યા. પણ સારે નસીબે બે જ દિવસ પછી અમને આ સ્પેનીશોનું વહાણ મળ્યું. એ લોકોએ અમને બચાવ્યા. તે દિવસથી અમે એમની સાથે છીએ. એમના સુખે સુખી અને દુઃખે દુઃખી રહીને પણ અમે એમની સાથે જ રહીએ છીએ. એ લોકોએ અમારે માટે ઘણું સહન કર્યું છે. એ લોકો લૂંટારા, એમને એ સિવાય બીજા કામમાં રસ પડતો નથી, પણ લૂંટારા એટલે હોય ત્યારે બાદશાહી હોય અને ન હોય ત્યારે

આઠ દિવસ સુધી ભૂખ્યા રહેવું પડે. પણ એવે સમયે પણ કંઈ ખાવાનું મળે તો પહેલાં અમને જ ખવરાવે. અને અમે પણ એમને ખાતર પ્રાણ આપવાને પણ તૈયાર રહીએ છીએ. ઉગરિયો અને સખિયો એક વખત લૂંટમાં આગળ જતાં મરાઈ ગયા હતા. અને આ વખતે બે જણ તમારી સામે આવ્યા હતા. તેઓ બચ્યા હશે કે નહિ તે તો હવે આપણે પેલા વહાણ ઉપર તમે પાંચને કેદ કર્યા છે તેમને જોઈએ ત્યારે ખબર પડે."

પમાની વાત પૂરી થતાં એકદમ શાંતિ છવાઈ ગઈ. કરસન ટંડેલની આંખો આંસુથી છલકાઈ ગઈ. એ ધીરેથી બોલ્યા, "તમારે ઘણું દુઃખ સહન કરવું પડયું પણ એમાં કોઈનો દોષ નથી. તમે દરિયામાં બાટલી મૂકેલી તે છ એક મહિને સુરત પહોંચી હતી. તે જ દિવસે રામજી શેઠ વહાણ લઈને આવવા નીકળ્યા હતા, પણ એમને પણ દરિયામાં અકસ્માતો નડયા. એક વર્ષે તેઓ ટપુડીની ખાંચે પહોંચ્યા. એમણે વહાણોને જ જોયાં, એથી સૌને નવાઈ તો બહુ લાગી હતી. પણ દરિયાના અકસ્માતોથી સૌનાં શરીર સાવ નંખાઈ ગયાં હતાં અને કોઈનું મગજ પણ કાંઈ વિચાર કરી શકતું નહોતું, એટલે એ વખતે તો વિશેષ તપાસ કર્યા વિના તેઓ સુરત પાછા આવ્યા. પછી તરત તમારી શોધ માટે તે દિવસથી આજ સુધી માણસો ફર્યા છે. આ વખતે પણ તમે અચાનક જ હાથ આવી

ગયા. નહિતર તમે ચાંચિયાઓ સાથે હો એટલે મળો જ ક્યાંથી? તમે ઓળખાવ એવા જ રહ્યા નથી. તમે જીતી શકો નહિ તો નાસી જાઓ, પણ જીવતા તો પકડાઓ નહિ એટલે તમારી કંઈ જ ખબર પડી શકે નહિ. આમ બધું ઊંધું જ ચાલ્યા કરે."

પછી ઝટપટ તૈયાર થઈ સ્પેનીશ વહાણનો સઢ ખુલ્લો મૂક્યો, હલેસાં હાલવા લાગ્યાં અને વહાણ ચાલ્યું. બે ત્રણ કલાકમાં કરસન ટંડેલે મોટા વહાણને જે કિનારા ઉપર થોભાવ્યું હતું ત્યાં એ આવી પહોંચ્યું. મોટા વહાણના માણસોએ હર્ષથી સૌને આવકાર આપ્યો.

કરસન ટંડેલે પહેલો હુકમ કર્યો, "પકડાયેલા કેદીઓને માન સાથે અહીં લાવો."

કેદીઓને છુટા કરીને કરસન ટંડેલ પાસે લાવ્યા. બાજુમાં જ પમો બેઠો હતો. એણે તરત બે જણને ઓળખી બતાવ્યા, "આ આપણા બદાજી અને આ રેવાજી."

પછી સૌની સમક્ષ કરસન ટંડેલે પમાએ કહેલી વાત કહી. સૌ હર્ષથી જયજયકાર કરવા લાગ્યા. જખુ તો આવા બહાદુર માણસોને જોઈને નમ્ર બની ગયો હતો. એ તો એક ખૂણે જ બેસી રહ્યો હતો. એટલે કરસન ટંડેલે એને આગળ ખેંચીને કહ્યું, "જખુ, આપણા વહાણનો મુખી તું છે,

આપણા ભાઈઓનો મેળાપ કરાવી આપનાર તું જ છે, તારી યોજનાથી આપણે સામે લડવા ગયા હતા અને તું જ આમ દૂર દૂર રહે એ સારું નહિ. મુખી તરીકે તારે જ આમનું સ્વાગત કરવું જોઈએ."

જખુ નીચું જોઈને બોલ્યો, "હું તો તમારી આગળ નાનો બાળક ગણાઉં."

"એમ કહીને જવાબદારીમાંથી છટકી જવું છે?" પમાએ હસીને કહ્યું.

જખુ શરમાઈ ગયો, એ વિશેષ કાંઈ બોલી શક્યો નહિ.

"ત્યારે હવે વહાણને પ્રવાસ ચાલુ કરવાનો હુકમ કર." કરસન ટંડેલ બોલ્યા.

"આપણે સ્પેનીશ ભાઈઓને મહેમાન તરીકે સુરત તેડી જવા જોઈએ. તમે મોટેરા છો, તમે આમંત્રણ આપો." જખુએ કરસન ટંડેલને કહ્યું.

કરસન ટંડેલે સ્પેનીશોના મુખીને કહ્યું:

"આ પહેલાં એક વાર અમે ચીનાઓને અમારે ત્યાં લાવ્યા હતા. એમણે અમારા માણસોને મોતમાંથી બચાવ્યા હતા. આ વખતે તમે પણ અમારી ઉપર એવો જ ઉપકાર કર્યો છે. આપણે મિત્રો બન્યા છીએ માટે અમારી મિત્રતા ચાખવા તમારે અમારે શહેર આવવું જોઈએ."

સ્પેનીશોએ એ આમંત્રણ સ્વીકાર્યું. સૌ એક જ વહાણમાં સાથે મુસાફરી કરતા સુરત આવવા નીકળ્યા.

સુરત નજીક આવતું હતું. એક હોડી શહેરમાં અગાઉથી ખબર આપવા માટે મોકલવામાં આવી. ખોવાયેલા ખારવા મળ્યાના સમાચારે આખા શહેરને આનંદ થયો. રામજી શેઠ એ વખતે કેટલા ય દિવસથી માંદા હતા, સાવ અશક્ત થઈ ગયા હતા, પણ આ સમાચાર સાંભળીને તેઓ આનંદથી ઊભા થઈ ગયા. ' ચાલો, આપણે સામૈયું કરીએ, હું સામૈયાને મોખરે રહીશ." એ બોલ્યા. સૌએ એમને સૂઈ રહીને આરામ લેવાનું કહ્યું પણ એમણે માન્યું નહિ. જશોદા શેઠાણીએ જાણ્યું કે એમનો જખુ દીકરો ભારે કીર્તિનું કામ કરી આવ્યો છે એટલે એમણે કહ્યું, " ભલે શેઠ સામૈયામાં આવે. મરતાં સુધીમાં આવો લહાવાનો પ્રસંગ બીજો કયો મળવાનો છે? સામૈયાની તૈયારી કરો."

વહાણો કિનારે નાંગર્યાં. વાજતે ગાજતે સૌને શહેરમાં લાવ્યા. મોટો આનંદ-ઉત્સવ થયો.

આખરે

ઉત્સવમાંથી પરવારી રાત્રે સૌ જંપી ગયાં હતાં. ત્યારપછી મોડી રાત સુધી શેઠાણી શેઠ પાસે બેસી રહ્યાં. છેવટે શેઠે કહ્યું, "હવે તમે તમારા ઓરડામાં જાઓ, કાંઈ પણ ચિંતા કર્યા વિના સૂઈ જાઓ. મને આજે ઘણું સારું લાગે છે. એવું લાગે છે કે જાણે હું ફરી જુવાન થઈ ગયો. મારે માથેથી એક મોટો બોજો ઊતરી ગયો. આપણા ખારવાઓ આખરે ઘેર પાછા આવ્યા."

"જખુ ગમે તેમ તો ય તમારો દીકરો. એની હોશિયારી અને હિંમતથી આ કામ થયું." શેઠાણી હરખ પામતાં બોલ્યાં.

"તમારે તો એને તમારો દીકરો બનાવવો હતો ને?" શેઠ હસતા હસતા બોલ્યાં.

"મારો દીકરો થયો હોય તો ય એના લોહીમાં જે તેજ ભર્યું હતું તે તો બીજી રીતે પણ અજવાળું તો કરત જ."

"પણ ખરી રીતે તો આપણે એને એના બાપનો-તભાનો જ દીકરો કહેવો જોઈએ. એનો બાપ આવો જ હતો." શેઠ બોલ્યા.

"પણ આટલા ખારવાઓ મળ્યા અને તભો જ ન મળ્યો. જખુને તો એના બાપનું મોં પણ જોવા ન મળ્યું."

"બાપની વાત ક્યાં કરો છો? મા મૂકીને ભાગી ગઈ તે પણ ક્યાં જડી?" શેઠાણી બોલ્યાં. એમની આંખમાં પાણી આવી ગયાં.

"જખુ એના ઓરડામાં હશે. જાગતો હોય તો બોલાવી લાવો ને? આખા દિવસમાં એની સાથે વાત પણ થઈ શકી નથી." શેઠ બોલ્યા.

શેઠાણી ઊઠયાં. એ ઉંબર બહાર નીકળે ત્યાં બહાર ઓસરીમાં એણે કોઈકને બેઠેલ જોયું. શેઠાણીને થયું કોણ હશે? ત્યાં તો એમના પગના અવાજથી બેઠેલ માણસ ઊભો થઈ ગયો. શેઠાણી તરત ઓળખી ગયાં. "જખુ? અત્યારે અહીં બેઠો છે?"

"તમે મારા કાકા જોડે વાતો કરતાં હતાં એટલે હું અહીં બેઠો હતો. તમારા ઊઠયા પછી મારે મારા કાકાને મુસાફરીનો હેવાલ આપવો હતો. દિવસે તો વળી કામની અને નવા મહેમાનોની ધમાલ હોય તો વખત ન મળે. એટલે અત્યારે વાતો કરી લેવી હતી." જખુ બોલ્યો.

"હું તને જ બોલાવવા જતી હતી. હવે ચાલ અંદર."

બંને અંદર આવ્યાં. જખુ શેઠના પગ આગળ બેઠો. શેઠે એને નજીક બેસવા કહ્યું. જખુ બેઠો એટલે શેઠે એના વાંસા પર હાથ ફેરવતાં કહ્યું: "પ્રવાસમાં મુશ્કેલી કેવીક આવી?"

"મુશ્કેલી? મુશ્કેલી જરા ય આવી નહોતી. છેલ્લે ચાંચિયાઓનો ભેટો થઈ ગયો. પણ એથી કાંઈ તકલીફ નહોતી આવી અને એથી તો ઊલટો લાભ જ થયો." જખુ બોલ્યો.

"હા, મારી જિંદગીનું મોટામાં મોટું કામ તેં પાર ઉતાર્યું." શેઠે કહ્યું. જખુ એ સાંભળીને વિનય અને નમ્રતાથી નીચું જોઈ ગયો.

"પણ બીજું કામ ન થયું." ફરીને શેઠ બોલ્યા.

"બીજું કયું કામ?" જખુએ પૂછ્યું.

"તારી બાના સમાચાર ન મળ્યા." શેઠ બોલ્યા.

"મારી બાના?" જાણે સમજ્યો ન હોય તેમ જખુએ પૂછ્યું. એને થયું 'મારી બા તે કઈ? મારી બા તો શેઠાણીબા, એ તો અહીં બેઠાં છે.'

શેઠે એને યાદ દેવડાવતાં કહ્યું, "તને નાનો મૂકીને જે ચાલી ગઈ તે તારી બાના સમાચાર પણ જાણવા જોઈએ!"

"એણે તો કદાચ આપઘાત કર્યો હોય, મરી ગઈ કે શું થયું તે કેમ જાણવું?" જખુ બોલ્યો.

"મારા મનમાં થયા કરે છે એ જીવતી હોવી જોઈએ. એ આપઘાત ન કરે." શેઠ બોલ્યા.

જખુએ એ વાતનો જવાબ ન આપ્યો.

"અને એ જાણવાની પણ મારી ઇચ્છા રહી ગઈ છે કે આપણા જૂના ખારવા દલિયો ને ધૂળિયો ક્યાં ગયા. પણ એ તો જુવાન છે, હોશિયાર છે, સાહસિક છે એટલી એની મને ચિંતા નથી." શેઠે કહ્યું.

થોડી વાર શાંતિ રહી. પછી જખુ બોલ્યો, "મારે પ્રવાસનો હેવાલ તમને આપવાનો છે."

"એ તો થશે નિરાંતે. રાત બહુ ગઈ છે, જા, સૂઈ જા હવે, વાતો કરવાના દિવસો બહુ છે." શેઠ બોલ્યા.

જખુએ શેઠને પગે લાગી એમના પગની રજ લઈ માથે ચડાવી અને બહાર નીકળી પોતાના ઓરડા તરફ જવા માંડયું.

એ પથારીમાં પડયો પણ કોણ જાણે કેમ એને ઊંઘ નહોતી આવતી. એ વિચાર કરવા લાગ્યો, 'ઊંઘ કેમ નથી આવતી? મુસાફરીનો થાક લાગતો હશે? દિવસના ઉત્સવની ધમાલનો થાક લાગતો હશે?' એકાએક એની આંખ સામે એની મા આવી હોય એમ એને લાગ્યું. હવે જ એને સમજાયું કે એને એની મા યાદ આવે છે, એનું મગજ એની માનો જ વિચાર કરે છે માટે ઊંઘ નથી આવતી. એ ઊઠીને બેઠો થઈ ગયો, બહાર નીકળ્યો. સ્પેનીશોના ઉતારે ગયો. સૌ ઊંઘતું હતું. ડેલીએ દરવાન ખાટલા ઉપર હુક્કો પીતો બેઠો હતો. શાંત રાત્રિમાં હુક્કાનો ગુડગુડ અવાજ દુઃખથી કોઈ રોતું હોય એવો લાગતો હતો. એ અવાજ સાંભળીને જખુ ચાલતાં ચાલતાં ઊભો રહી ગયો. એને લાગ્યું, જાણે એની માથી વિખૂટા

પડવાના દુઃખે એનું હૃદય રડે છે. પણ તરત એને ભાન થયું કે પોતે તો મરદ છે, મરદને રોવું આવે ? એ આગળ ચાલ્યો. દરવાન પાસે આવ્યો. હુક્કાના દેવતાના આછા તેજમાં પણ દરવાને જખુને ઓળખી લીધો. જખુને માન આપવા માટે એ તરત ઊભો થઈ ગયો અને બોલ્યો, "પધારો, આવે ટાણે કેમ આવવું પડ્યું ?"

"મહેમાનોના મુખીને મળવું છે" જખુ બોલ્યો.

"સૂઈ ગયા હશે, જગાડું ?" દરવાન બોલ્યો.

"હા, જગાડો ને ?"

દરવાને જઈને સ્પેનીશોના મુખીને જગાડ્યા, કહ્યું, "જખુભાઈ મળવા આવ્યા છે."

મુખીનું નામ ડિનોસા હતું. એ એકદમ ઊભો થઈ ગયો.

"એમ ? ચાલો આવું." કહીને એ દરવાનની સાથે બહાર આવ્યો.

જખુ અને ડિનોસા બેઠા. દરવાન સમજી ગયો કે બે જણ વચ્ચે વાત થતી કે થવાની હોય ત્યારે મારે ત્રીજાએ ત્યાં ન રહેવું, એટલે એ ધીમેથી ત્યાંથી બહાર ચાલ્યો ગયો.

ડિનોસાએ જખુને કહ્યું, "હુકમ ?"

"હુકમ તો નથી, પણ એક વાત પૂછવી છે."

"પૂછો." ડિનોસાએ કહ્યું

"તમો તો દરિયામાં ખૂબ જ ફરો. કોઈ ન જાય ત્યાં પણ તમે જાઓ. તમે ક્યાં ય કોઈ વહાણમાં કોઈ સ્રીને જોઈ છે ?"

"સ્ત્રીને ? તમારા હિંદીઓનાં તો ઘણાં વહાણોમાં સ્ત્રીઓ હોય છે. તેઓ મરદો જેટલું જ વહાણો ઉપર કામ કરે છે. પણ હું તમને તમે નવાઈ પામો એવી એક બીજી વાત કહું."

જખુ એ સાંભળવા આતુર થઈ રહ્યો. "અમારા જ દેશમાં, અમારા બંદરની નજીકના શહેરમાં એક વેપારીના સાથમાં એક બહુ બહાદુર સ્ત્રી છે, ફરવાની એ બહુ શોખીન છે. એકલી એકલી ક્યાં ય ક્યાં ય ઊપડે, કેટલા ય દિવસે પાછી આવે, કોઈ વાર તો આશા જ છોડી દીધી હોય પણ પાછી આવે; થોડા દિવસ રહે અને ફરી પાછી મુસાફરીએ ઊપડે. એ વેપારીને ત્યાં મારે એક વાર અમારો લૂંટનો માલ વેચવા જવાનો હતો. ઘણાં વર્ષો પહેલાંની વાત છે. ત્યારે તમારા આ ખોવાયેલા ભાઈ આ અમને મળ્યા નહોતા. ત્યારે મેં એને ત્યાં જોઈ હતી. પછી એક વાર મેં એને સમજાવીને અમારી સાથે એક પ્રવાસમાં લીધી હતી, એ સાહસિક તો ખૂબ પણ કોઈ વહાણ જોઈને, કોઈ માણસ જોઇને રઘવાઈ બની જાય અને એકદમ જાણે એને ઓળખતો હોય એમ એની પાસે જવા દોડે. અમારા ધંધાને એ જોખમકારક કહેવાય એટલે અમે એને છુટ્ટી કરી દીધી. ગયે વર્ષે હું મારે ગામ ગયો ત્યારે મેં લોકોને મોંએ સાંભળ્યું હતું કે એ માંદી પડી છે અને બહુ બકયા કરે છે. એ પછી તો હું પ્રવાસમાં જ રહ્યો છું એટલે એ જીવતી છે કે નહિ તેની ખબર નથી. પણ જીવતી હોય તો

તમારા જેવાએ એને મળવા જેવું છે. એ કોણ છે એ કોઈ જાણતું નથી પણ એમ મનાય છે કે એ હિંદી છે."

"બરાબર છે, એ હિંદી જ હોવી જોઈએ. અને તમને હું કહું કે એ મારી મા જ હોવી જોઈએ." જખુ એકદમ બોલી ઊઠયો.

"તમારી મા! રામજી શેઠનાં વહુ એ તમારી મા નહિ?" ડિનોસા આશ્ચર્ય પામીને બોલ્યો.

"એ તો ખરાં જ, પણ પેલાં પણ ખરાં." જખુ બોલ્યો. "પણ જો તમને તકલીફ જેવું ન હોય તો, અને હું તો કહું કે મારે ખાતર પણ જો તકલીફ લો તો, મારા ઉપર એટલો ઉપકાર થશે કે તમે મને કાલ ને કાલ તમારે ગામ લઈ જાઓ. મારે મારી માને એકદમ મળવું છે. મારી મા વિષે તમારા જેવા પ્રવાસીઓ પાસેથી કંઈ જાણવા મળે એ માટે હું ખાસ અહીં અત્યારે આવ્યો અને તમારી ઊંઘ બગાડીને તમને મેં તકલીફ આપી."

"નહિ જી, એમાં તકલીફ જેવું કશું નથી. અને હું કાલે જરૂર તમારી સાથે નીકળી શકીશ. મારા માણસોને જ્યારે નીકળવું હોય ત્યારે ભલે નીકળે."

"તો આપણે અત્યારથી જ તૈયાર થવા માંડીએ." જખુ બોલ્યો.

"તૈયાર તો શું થવાનું છે? વહાણ તૈયાર હોય એટલે આપણે તૈયાર જ. આપણે તો દરિયાના દીકરા. એક નાનું

હોડકું લઈ કંઈ પણ સાધનસામગ્રી વિના દરિયાની છાતી ઉપર રમનારા આપણે." હિનોસા બોલ્યો.

"હા, બરાબર છે. પણ મારે મારા કાકાને હજી બધી વાત જણાવવી પડશે. તમારે ઊંઘ લેવી હોય તો લો. હું જાઉં છું અને પછી વખત થયે આવીને તમને જગાડીશ. બંદર છોડવાની રજા મેળવતાં તો મને કંઈ વાર લાગવાની જ નથી. વારુ, જાઉં છું, તકલીફ માટે માફી માગું છું. સલામ."

જખુ ઘેર આવ્યો. શેઠના ઓરડા પાસે બારણા આગળ એ જરા ઊભો રહ્યો—એ વિચારથી કે શેઠ પોતાની મેળે જાગી જાય તો સારું. એ ઊભો હતો ત્યાં તો શેઠનો અવાજ આવ્યો: "જખુ છે ને ? આવ આવ હું તારો જ વિચાર કરતો હતો. આજ કોણ જાણે કેમ, ઊંઘ જ નથી આવતી. તું બહાર ગયો એની મને ખબર પડી હતી."

"એમ? તમે ત્યારે જાગતા હતા ? હું તો બહુ ધીમેથી બહાર નીકળ્યો હતો."

"હા, પણ હું ત્યારે અગાશી ઉપર હતો અને આકાશને જોતો હતો. અચાનક ફળિયામાં નજર જતાં તને બહાર નીકળતો જોયો."

"તમે મારી મા વિષે કહ્યું એટલે મને તપાસ કરવાનું મન થયું." જખુ શરમાતો શરમાતો બોલવા લાગ્યો.

"હું તને કહેવાનો જ હતો કે તેં તારી મા વિષે આ સ્પેનીશોને ન પૂછ્યું હોય તો પૂછી જોજે. કદાચ એવા લોકો પાસેથી કાંઈક જાણવા મળે. તું બહાર નીકળ્યો એટલે મેં ધારી લીધું કે તું એમની પાસે જાય છે."

"એમની પાસેથી જાણવા મળ્યું. આ સ્પેનીશોના મુખી ડિનોસા રહે છે તે બંદરની પાસેના શહેરમાં એક વેપારીને ત્યાં એક સ્ત્રી છે, બહુ બહાદુર છે, એવી એવી એને વિષે બહુ વાતો છે, હિંદી જેવી લાગે છે એમ એ કહે છે." જખુએ ડિનોસાએ જે વર્ણન કર્યું હતું તે બધું વર્ણન શેઠ પાસે કર્યું.

"પછી? કાંઈ નક્કી કર્યું?" શેઠે પૂછ્યું.

"કાલ સવારે એની જોડે જવાનું ઠરાવ્યું."

"સરસ કામ!" શેઠ બોલ્યા.

એ જ વખતે શેઠાણીને જગાડીને બધી વાતથી વાકેફ કર્યાં. શેઠાણીએ પણ પોતાની ખુશી બતાવી, અને સવારે શહેર જાગે તે પહેલાં તો એક નાના વહાણમાં ડિનોસા અને જખુ સુરત બંદર છોડી ગયા.

પણ ફરી એક વરસ પછી એક સુંદર સવારે શહેરમાં સમાચાર ફેલાયા કે જખુ પોતાની માને સ્પેનથી તેડી લાવ્યો છે, ત્યારે શહેરમાં વિશેષ આનંદ ફેલાયો અને મીઠીએ કેવી કેવી મુસાફરીઓ કરી હતી તે જાણીને સૌને આશ્ચર્ય થયું. શેઠની

જિંદગીના છેલ્લા દિવસો ગણાતા હતા. પણ શેઠને એ વાતનો શોક નહોતો. શેઠાણીને પણ એનો શોક નહોતો. એમને લાગતું હતું કે એમની જિંદગી સફળ થઈ છે. જિંદગીમાં એમણે ધનનો, કીર્તિનો અને જખુ જેવા દીકરાનો લહાવો લીધો.

જખુને પરણાવી, પોતાની મિલકતનો મોટો ભાગ અને વેપારનો વહીવટ એને સોંપી, શેઠ–શેઠાણીએ આ દુનિયામાંથી વિદાય લીધી. મૃત્યુ વખતે શેઠના મોં પર એ વાતનો સંતોષ દેખાતો હતો કે ભરદરિયે બનેલા એક દુઃખકારક બનાવનો અપયશ આખરે પોતાને માથેથી ઊતરી ગયો છે.

●

અરુણ પુસ્તકમાળા

— અમારી શ્રેણી —

શંકરાચાર્ય ૦—૨—૬
[મહાન શંકરાચાર્યનું જીવન]

રંગ રંગ વાદળિયાં ૦—૨—૦
[સુન્દરમ્‌નો બાળગીતસંગ્રહ]

નાનાં છોકરાં ૦—૧—૬
[બાલજીવનની ત્રણ નાની વાર્તાઓ]

પ્રવાસપત્રો ૦—૪—૦
[રામભાઇનું અમદાવાદથી કલકત્તા જતાંનું પ્રવાસવર્ણન]

આપણાં ભાંડુઓ [સચિત્ર] ૦—૮—૦
[નાનાં નાનાં બાળપ્રિય રેખાચિત્રો]

હજી યે મને સાંભરે છે [સચિત્ર] ૦—૩—૦
[સ્વ. ગિજુભાઈની છેલ્લી પ્રસાદી]

છીપલાં ૦—૪—૦
[બાળકાવ્યોનો સચિત્ર અને રંગબેરંગી શાહીમાં છપાયેલ સંગ્રહ]

ભરદરિયે ૦—૮—૦
[દરિયાઈ જીવનની લાંબી વાર્તા]

કલગી ૦—૫—૦
[સોમાભાઇની નાની નાની બાળવાતો]

મળવાનું ઠેકાણું

ભારતી સાહિત્ય સંઘ
શ્રીમાળી સોસાયટી, પો. બો. નં. ૭૩
અમદાવાદ

છાપનાર: લોકરામ પ્રિન્ટરી :: અમદાવાદ.